

માંડ બેઠાં મનનાં ચોકઠાં
હિરેન માલાણી (રુથરફર્ડ ન્યૂ જર્સી )



# દેશવિદેશ


## ગુજરાતી લિટરરી અકાદમી

ઓફ નોર્થ અમેરિકાનું મુખપત્ર

જૂન ૨૦૦૪ અંક ૪

સંપાદન કિશોર રાવળ
અશોક મેઘાણી


## ગાય તેનાં ગીત

ધ્રુવ ભટ્ટ વલસાડ, ગુજરાત

તમે ગાયાં આકાશ ભરી પ્રીતે
તે ગીત કહો મારાં કહેવાય કઈ રીતે?

ગીતને તો અવતરવું ઈચ્છાથી હોય છે કે ચાલ જઈ કંઠ કંઠ મ્હાલીએ
આપણે તે એવડાં તો કેવડાં કે મારું છે ચાલ કહી ગજવામાં કહી ઘાલીએ
જે પ્રેમ કરી પામે તે જીતે
તે ગીત હવે મારાં કહેવાય કઈ રીતે?

અમને અણદીઠ હોય સાંપડ્યું કે સાંપડી હો પીડા એવી સહેવાય નહીં
એટલું જ હોય અને એટલાંક હોવાના મથુરાને ગોકુળ કહેવાય નહીં

તમે ગાયાં આકાશ ભરી પ્રીતે
તે ગીત કહો મારાં કહેવાય કઈ રીતે?

(કાવ્યસંગ્રહ 'ગાય તેનાં ગીત'માંથી સાભાર)

## તું અને હું કંઈ નોખા?
**ધ્રુવ ભટ્ટ** વલસાડ, ગુજરાત

હરિ તને શું સ્મરીએ, આપણ જળમાં જળ સમ રહીએ;
વણ બોલ્યે, વણ સાંભળીયે પણ મબલખ વાતો કરીએ,
હરિ તને શું સ્મરીએ...

કોને કોના દરશન કરવાં, કોનું ધરવું ધ્યાન,
ચાલને એવું રહીએ જેવું લીલાશ સાથે પાન
હું પાણી, તું દરિયો એમાં શું બૂડીએ, શું તરીએ
હરી તને શું સ્મરીએ...

પાંખોને પીંછાથી ગણવી કેમ કરીને જુદી
હુંથી તું અળગો છું એવી વાત કહીંથી સૂઝી
કોને જોડું હાથ, ચરણમાં કોનાં જઈને પડીએ
હરી તને શું સ્મરીએ...

(કાવ્યસંગ્રહ 'ગાય તેનાં ગીત'માંથી સાભાર)

## પાણી વચ્ચે તરસ્યો!
**પ્રતીક મહેતા** સ્કારબરો, કેનેડા

"કેમ છો?"ની પૂછપરછનો કેર છે
આપણે તો આમ લીલાલહેર છે.

ટોચની ડાળી કદી મૂળને મળે?
કેટલા જનમોજનમનું વેર છે!

આપણે તો ક્યાં કશું શીખ્યા હતા?
આ બધી તો ઠોકરોની મ્હેર છે!

કોઈ ના જાણી શકે એના ભરમ?
આ જગત જાદૂગરોનું શ્હેર છે!

એકલો છું, દોસ્ત હું તારા વિના,
માનવી તો આ રહ્યા, ચોમેર છે.

## પ્રતીક્ષા
**જયંત મહેતા** જ્હોન્સન સિટી, ટેનેસી

વસંતનો ટહૂકો
પાનખરમાં
લાલ-પીળો થઈ,
શરદની સફેદ ચાદર નીચે
સંતાયો છે!
એને કોણ શોધશે?
ઊડી ગયેલ પંખીનો પડછાયો?
કે
આવતી કાલનો કલશોર?

## આલ્પ્સ કોનો ?
**શોભા શાહ** વોશિંગ્ટન, ડી.સી.

થોડું રમ્યાં ને થોડું હસ્યાં
એકબીજાની સાથોસાથ
થોડાં અડપલાં ને થોડાં છમકલાં
કર્યાં એકબીજાની સાથ
જોતજોતામાં કેટલાં આવી ગયાં
એકબીજાની પાસોપાસ!

આજ સુધી તો હતો
ઇન્સબ્રૂક, સાલ્સબર્ગ,
ઓસ્ટ્રીયા ને સ્વિત્ઝર્લેન્ડનો
આ આલ્પ્સ

કવિતા જેવી એને અડી તો
બની ગયો એ
મારો ય આલ્પ્સ!

તારા ચરણે આ કવિતા મૂકી
ખોવાઈ ગઈ મૂક અસ્મિતા.

## પુરસ્કાર
**મીરા ભટ્ટ** ભાવનગર, ગુજરાત
(પોતાના પતિ અરુણ ભટ્ટ વિષે લખે છે)

કદાચ મારા કામની વાચાળતાએ મને પ્રસિદ્ધિ પણ વધારે આપી હશે. પરિણામે પુરસ્કૃતોની યાદીમાં મારું નામ આવી ગયું. પુરસ્કારોએ ઘણા મિત્રો વચ્ચે દીવાલ ઊભી કરી છે, પણ અરુણનો અભિગમ નિરાળો... એક સંવાદ જોઈએ.

"એક પ્રશ્ન પૂછું, અરુણભાઈ? મીરાબેનને અવોર્ડ મળ્યો ત્યારે ત મે શું અનુભવ્યું?"

"કેમ વળી? આનંદ જ થાય ને!" કહીને થોડીવારે પાછું એમણે ઉમેર્યું. "પણ એવોર્ડ એકલાં મીરાબેનને નહીં, મને પણ મળે છે હં... કે!"

"એ વળી કયા એવોર્ડ? અમને ખબરેય ના પડી!"

"આજ સવારની જ વાત! હું પરાની ગાડીમાંથી ઉતરી ચાલતો આવતો હતો, ત્યાં મેં રસ્તા પર જોયું કે એક ઠેલાગાડીવાળો પોતાની રિસાઈ ગયેલી ગાડીને ઊંચી કરવા તનતોડ મહેનત કરતો હતો, પણ ગાડીમાં વજન એટલું બધું હતું કે એકલે હાથે ગાડી ટસથી મસ નહોતી થત ી. રસ્તો ઊખડખાબડ જ હતો! મારું ધ્યાન એના પર પડતાં જ હું સહજ રીતે ત્યાં ગયો. ત્યાં એ આગળથી લારીને ખેંચવા જોર કરી રહ્યો હતો. મેં પાછળથી ગાડીને થોડી ઊંચી કરી અને પૈડું ફરવા લાગ્યું! પેલા ભાઈએ

પાછળ જોયું. એની આંખોમાં જે ભાવ ઊમટતો જોયો, એ મારા માટે પુરસ્કારનોય પુરસ્કાર હતો!"

(દાંપત્ય વિષેના એક લેખ પરથી 'અખંડ આનંદ'માંથી સાભાર)

ચંદ્રક તો ચાર દિ'ના આપે ઘણાય,
કોઈ 'સૂર્યક' આપે તો વાત જામે!
મકરંદ દવે

## જિંદગી છાબ છે

**ફાધર વાલેસ** મેડ્રિડ, સ્પેઈન

હું એક કથામાં ગયો હતો. કથાકારે મને ઓળખ્યો અને આંખથી અભિવંદન કર્યું. કથા પૂરી થયાં બાદ તેમણે મારી સામે જોઈ કહ્યું "તમારી સાથે બેસી થોડી વાતો કરવા માગું છું, એકલા!" બીજાંઓ ખસી ગયાં. અમે સાથે બેઠા.

એમણે પ્રાસ્તાવિક પછી વાત શરૂ કરી. "તમારા ખ્રિસ્તિ ધર્મમાં મને એક મોટી ઉણપ નજરે આવે છે અને એ વિષે મારે તમારું ધ્યાન ખેંચવું છે. 'ભક્તિ' એ એક હિંદુ ધર્મનું અત્યંત સુંદર અંગ છે અને તે ત મારા ધર્મમાં ખૂટે છે." અને પછી અરધો કલાક મને વહેતા, ગાતા, નાચતા શબ્દોમાં મીઠાશથી 'ભક્તિરસ' સમજાવ્યો.

એમને સાંભળતાં મને ખ્યાલ આવ્યો કે જે નિષ્ઠાથી ખ્રિસ્તિ સાધુઓ અન્યધર્મીઓને ખ્રિસ્ત તરફ વાળવા મથે છે તેટલી જ નિષ્ઠાથી આ મને હિંદુ ધર્મ પ્રતિ વાળવા મથે છે.

(તેમના એક વાર્તાલાપના અંતે સ્મૃતિમાં સમાયું તે પરથી અનુવાદિત. કિશોર રાવળ)

## મનોજ સાથે મોજીલી ગોઠડી

**મહેશ ધોળકિયા** રાજકોટ, ગુજરાત

ક્ષણોને તોડવા બેસું તો વરસનાં વરસ લાગે
ઘડિયાળ જોડવાં બેસું તો વરસનાં વરસ લાગે

કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણા જ ભૂંસી દઉં
અરીસો પેખવા બેસું તો વરસનાં વરસ લાગે

કમળતંતુ સમા આ મૌનને તું તોડમાં નાહક
લલુડી ભૂંકવા બેસું તો વરસનાં વરસ લાગે

આ સપનું તો બરફનો સ્તંભ છે હમણાં જ ઓગળશે
હું એને ચૂસવાં બેસું તો વરસનાં વરસ લાગે

મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
સનમ, અહીં ઢૂંઢવા બેસું તો વરસનાં વરસ લાગે

('મજાકિયાં પ્રતિકાવ્યો'માંથી સાભાર)

'મજાકિયાં પ્રતિકાવ્યો'નું અર્પણ

તમને, જો પુસ્તક
ખરીદીને વાંચતા હો તો!

## એ શહેર

**ગિરિશ વૈદ્ય** કરોના, ન્યૂ યોર્ક

હતાશ હાંફતું એ શહેર!
દિનરાત કાંપતું એ શહેર.

લાગી બદનજર આ કોની?
સવાલ સતત પૂછતું એ શહેર.

ખખડી ગયું છે બદન કિંતુ
પહેરણ નવાં રોજ પહેરતું એ શહેર.

ઠરીને ઠબ છે એ મશાલ એની
અજવાળાં નવાં શોધતું એ શહેર.

ક્યાંથી મળે એ સાથ એને?
ઉકરડા રોજ ફેંદતું એ શહેર.

જવા દે તું ગજ જમીન હવે
ટુકડો આકાશ શોધતું એ શહેર.

ચણોઠીઓના ઢગલે દાઝ્યા કૈંક કવિના કિત્તાજી
શબ્દોમાં હું એમ પ્રવેશ્યો જેમ આગમાં સીતાજી
અનિલ જોષી

નથી મનનું રંજન, નથી પ્રાણવાયુ
મિત્ર, મોક્ષ કરતાં છે સુખ આ સવાયું
જીતુ ઠાકર

# સૂપર કંડકટર

હરનિશ જાની યાર્ડવિલ, ન્યૂ જર્સી

૧૯૯૬ના ઉનાળામાં આખી દુનિયામાં વ્યવસ્થિત અફવા ફેલાઈ કે ગણપતિની મૂર્તિ દૂધ પીએ છે, મૂર્તિની સૂંઢને જો દૂધની વાડકી અડાડવામાં આવે તો અંદરનું દૂધ અદૃષ્ય થઈ જાય છે. આ અફવા ભારતમાં જ નહીં પરંતુ લંડન, હોંગકોંગ અને ન્યૂયોર્કમાં એટલી પદ્ધતિસર ફેલાઈ કે તે સમાચાર બની ગઈ.

જગતભરના ટીવીવાળાઓ કેમેરા લઈને જૂદાં જૂદાં મંદિરો પર પહોંચી ગયા. તેઓ પાત્રમાંથી અદૃષ્ય થતાં દૂધને ટીવી પર નહોતાં બતાવતાં પરંતુ દૂધને અદૃષ્ય કરવા મથતાં લોકોનાં ટોળાંને બતાવતાં. ભારતમાં તો લોકો ભગવાનને એટલું દૂધ પીવડાવવાં મથતાં કે લોકોને પીવા માટેનું દૂધ અલભ્ય બની ગયું. ભગવાન પોતાને પીરસેલું દૂધ પીએ છે કે નહિ તે જોવા જ જિજ્ઞાસાથી પ્રેરાઈને લોકો લાઈનમાં ઊભા રહેતા. જે ભાવિકોનું દૂધ ભગવાને પીધું તે ભક્ત બની ગયા. અને જેમનું દૂધ ભગવાને ન પીધું તે વૈજ્ઞાનિક બની ગયા. ભગવાન પૃથ્વીને ભૂલી ન જાય તે માટે થોડાં થોડાં વર્ષે મનુષ્ય રામાયણમાંથી કંકુ ખરવાના કે કુરાનમાંથી હજરતબાલ મળી આવવા જેવા ચમત્કારો ભગવાન માટે યોજે છે. આ જેવી તેવી વાત ન હતી.

પ્રભુદાસ અને ઉમાબહેનની ઉંમર સાઠની આસપાસ હતી. ન્યૂ યોર્ક શહેરમાં એક ભાડાના એપાર્ટમેંટમાં રહેતાં હતાં. એક દીકરો અને દીકરી દેશમાં કોલેજમાં ભણતાં હતાં. છોકરાંનાં ભવિષ્ય માટે ઉમાબહેનના ભાઈની સિટિઝનશિપ ઉપર અમેરિકા આવ્યાં હતાં. દેશમાં પ્રભુદાસ કોલેજમાં પ્રોફેસર હતા. પરંતુ અમેરિકામાં દેશી ગ્રોસરી સ્ટોરમાં નોકરી કરતા હતા. અને તે તેમને હવે બરાબર ફાવી ગયું હતું.

એક સાંજે પ્રભુદાસ નોકરી પરથી ઘેર આવ્યા ત્યારે ઉમાબહેને તેમને કહ્યું:

"આપણા ગણપતિએ સવારની પૂજામાં ધરાવેલું દૂધ પીધું."

"લાવ, બતાવ જોઈએ." પ્રભુદાસે શંકાથી કહ્યું.

"હમણાં દૂધ નહિ પીએ. સંધ્યાકાળે પૂજા કરીશ ત્યારે બતાવીશ. ભગવાન ગમે ત્યારે દૂધ ન પીએ." ઉષાબહેને નિયમ બનાવી દીધો. સંધ્યાકાળની પૂજામાં ઉમાબેને આંખો મીંચી બે હાથ જોડી ધ્યાન ધર્યું. પ્રભુદાસે જાતે છલોછલ દૂધ ભરેલી વાડકીમાં શ્રી ગણેશની મૂર્તિની સૂંઢ ડુબાડી. પ્રભુદાસે જોયું તો ધીમે ધીમે બધું દૂધ અદૃષ્ય થવા માંડ્યું. પ્રભુદાસ સ્તબ્ધ થઈ ગયા. તેમનો હાથ ધ્રૂજવા લાગ્યો. શરીર ધ્રૂજવા લાગ્યું. વાડકી જમીન પર મૂકી દીધી. મૂર્તિને લાંબા થઈ પ્રણામ કર્યા. "હર હર મહાદેવ"-" ગણપતિદાદા મોરિયા"ના પોકાર કરવા લાગ્યા. બીજી ક્ષણે ભાનમાં આવ્યા. મૂર્તિ ઉંચકી લીધી . મૂર્તિ કોઈ મિશ્ર ધાતુની બની હતી. તેમણે નીચે જોયું. ક્યાંય દૂધ ઢોળાયાનું નિશાન નહોતું. આજુબાજુની જગ્યા જોઈ. લાકડાના મંદિરની આજુબાજુ ફરીને બધું જોયું. ક્યાંય ભીનાશ નહોતી. ખરેખર ભગવાન દૂધ પી ગયા.

બન્ને જણાએ વિચાર્યું કે કોઈ સાધુ સંતને આ વાતની ખબર પડશે તો ઘરને સરકસમાં ફેરવી કાઢશે. આ ચમત્કાર આજના આધુનિક વિજ્ઞાનને પડકાર આપે છે. કોઈ વૈજ્ઞાનિકને આ વાત કરવી જોઈએ. પ્રભુદાસે તેમના મિત્ર ડો. પટેલને ફોન કર્યો. તેઓ બન્ને ગુજરાત કોલેજમાં સાથે ભણ્યા હતા. ન્યૂ યોર્કમાં એ.ટી.એન્ડ ટી. ટેલિફોન કંપનીમાં રિસર્ચ ડિપાર્ટમેંટના વડા હતા. ડો. પટેલે આ દેશના ટેલિફોનની પ્રગતિમાં ઘણો ફાળો આપ્યો હતો.

ડો. પટેલ બીજે દિવસે સાંજે પૂજામાં હાજર રહ્યા. તેમણે જાતે જોયું કે ગણેશજીની મૂર્તિ વાડકીમાં ધરાવેલું દૂધ પી ગઈ.

પટેલસાહેબે પૂછ્યું: "વાડકીમાં જ દૂધ ધરાવવું પડે એવું ખરું? કાચની પ્યાલીમાંથી ભગવાન દૂધ પીએ ખરા?"

ઉમાબહેને કહ્યું: "આ વાડકીને કાનો નથી એટલે સીધી ધાર પેટ અને સૂંઢ વચ્ચે જઈ શકે છે."

પટેલસાહેબે મૂર્તિ ઉંચકી લીધી. તેમણે સૂંઢનું નિરીક્ષણ કર્યું. પછી મોટેથી બોલ્યા: "હું ઝીણાં છિદ્રો જોવાં પ્રયત્ન કરું છું. કેપિલરી ટ્યૂબ્ઝ - કેશવાહિનીનો નિયમ તો કામ કરતો નથી ને!"

તેમણે મૂર્તિને ટકોરા મારી જોયા. ચારે બાજુ ફરીને લાકડાના મંદિરના ખૂણા તપાસ્યા. પછી ઉમાબહેનને પૂછ્યું:

"આ ગણપતિ ક્યાંથી ખરીદ્યા?"

તેમણે જણાવ્યું, "મારા બાપુજી રજવાડામાં રાજપુરોહિત હતા અને આ મૂર્તિની પૂજા વરસોથી કરતા હતા. હું એકની એક એટલે મૂર્તિ મારે ભાગે આવી. આ તો સાચા ગણપતિ છે."

ડો. પટેલ બોલ્યા: "વેરી ઇન્ટરેસ્ટિંગ!!"

તેમણે પ્રભુદાસને આ ચમત્કારની વાત કોઈને ન કહેવાનું કહી બીજા દિવસે પાછા આવવાનું વચન આપી વિદાય લીધી.

તે સાંજે ડો. પટેલ પોતાના ઉપરી અધિકારી ડો. મોર્ગન, જે ટેલિફોન કંપનીના મોટા ડાઈરેક્ટર હતા તેમને લઈને આવ્યા. પટેલસાહેબે કહ્યા પ્રમાણે ઉમાબહેને પૂજા ચાલુ કરી. બન્ને વૈજ્ઞાનિકોએ વાડકીમાંથી દૂધ અદૃષ્ય થતું જોયું. ડો. મોર્ગન તરત જ બોલી ઉઠ્યા: "આ ચમત્કાર નથી. આ વિજ્ઞાન છે."

પટેલસાહેબે બન્ને પતિ-પત્નીને કહ્યું કે "આમ કાંઈ જાદૂથી બને નહિ. જગતની દરેક ક્રિયા-પ્રક્રિયામાં વિજ્ઞાન સમાયેલું છે."

ઉમાબેને ગુસ્સામાં કહ્યું: "પટેલસાહેબ, આ ભાઈને તો ગણપતિ શું છે તે ખબર નથી. પરંતુ તમે પણ આમ બોલો છો? તમારી આંખ આગળ દૂધ અદૃષ્ય થયું કે નહીં? આવું ભગવાનની કૃપા સિવાય બને ખરું? તમે એમ કહો છો કે દુનિયામાં બધું તમે વૈજ્ઞાનિકો કરો છો? આ ફૂલ કોણ ઉઘાડે છે? કયા ચિત્રકારે મેઘધનુષમાં રંગો પૂર્યા? કયા વિજ્ઞાને માછલીઓને તરતા શીખવ્યું? તેથી ઉલટું, આવા અનેક ચમત્કારોમાંથી વિજ્ઞાન પેદા થયું છે."

ડો. મોર્ગને પ્રભુદાસને જણાવ્યું કે તેમને આ મૂર્તિ પર વધુ રિસર્ચ કરવામાં રસ છે. તો તેઓ આ મૂર્તિ તેમને આપે ખરા?

ઉમાબહેને પૂછ્યું: "તો તમે આ મૂર્તિનું શું કરશો?"

ડો. પટેલે જણાવ્યું, "અમારે જોવું છે કે આ મૂર્તિ દૂધ સિવાય કયા કયા પ્રવાહી પીએ છે. પાણી, કેરોસીન કે દૂધની વિશિષ્ટ ઘનતા જુદી જુદી હોય. તો અમે મૂર્તિને કેરાસીન પીવડાવવા પ્રયોગ કરીશું."

ઉમાબહેનનો પિત્તો ગયો. "તમે કઈ જાતના હિંદુ છો? ભગવાનને કેરોસીન પીવડાવાતું હશે ખરું?"

ડો. પટેલ સીધા મુદ્દા પર આવી ગયા. "મારી કંપની તમને દસ હજાર ડોલર આપશે."

પ્રભુદાસ કાંઈ બોલે તે પહેલાં ઉમાબહેને કહ્યું,"પટેલસાહેબ, દુનિયામાં માનવીની શ્રદ્ધાનાં મૂલ્ય નથી હોતાં. ભગવાનની કિંમત ન હોય. આ ચમત્કાર જોઈને તમારા જ્ઞાનનું ઘમંડ ઓછું થવું જોઈએ. નમ તાનો અનુભવ થવો જોઈએ."

પટેલસાહેબે તેમની ઓફર પર વિચારવાનું કહીને તેમના સાહેબ સાથે રજા લીધી.

બીજા દિવસે ફરીથી બન્ને વૈજ્ઞાનિકો પાછા આવ્યા. બન્નેએ પૂજા નિહાળી. દૂધ અદૃષ્ય થતું જોયું. બન્ને જણાએ અંદરોઅંદર થોડી ગુસપુસ કરી. ડો. પટેલ બોલ્યાઃ "જુઓ, આ મૂર્તિ અમારી રિસર્ચ માટે ખૂબ જ જરૂરી છે. તમારી લાગણીને માન આપીને અમે તમને પચાસ હજાર ડોલર આપીશું."

પ્રભુદાસે પૂછ્યુંઃ "તમે આ મૂર્તિ પર કયા કયા પ્રકારની રિસર્ચ કરશો?"

ડો.પટેલે જવાબ આપ્યોઃ "અમને એવું લાગે છે કે બક નામના વૈજ્ઞાનિકે બક ટ્યૂબનો નિયમ બનાવ્યો છે. જેના સિદ્ધાંત પર ટોઈલેટ બોલ શોધાયા છે કે જેમાં ટાંકી ભરીને પાણી રેડો તો પણ ઉભરાયા વિના જતું રહે છે. તો તે પ્રમાણે દૂધ એક વખતે ચૂસવાનું ચાલુ થઈ જાય છે પછી વાડકીમાંથી બકના નિયમ મુજબ ખાલી થઈ જાય છે. આ મૂર્તિની ધાતુ અમારે ઈન્ફ્રારેડ કિરણોથી તપાસવી પડશે. આજકાલ અમે સૂપર-કંડકટર પર કામ કરીએ છીએ. સૂપર-કંડકટર એટલે એવી ધાતુ કે જે ગમે તેટલા ઠંડા કે ગરમ ઉષ્ણતામાને ઈલેક્ટ્રીસીટી પસાર કરે. આ સૂપર-કંડકટર ભવિષ્યમાં કંપ્યુટર અને ટેલિફોનની રચનામાં વપરાશે. તો આ મૂર્તિ જે ધાતુની બની છે એ ધાતુ અમને અમારા સંશોધનમાં કામ લાગે પણ ખરી! આને માટે સૂંઢ કાપવી પડશે. પેટ વહેરવું પડશે."

ઉમાબેન એકદમ ક્રોધે ભરાયાં. "આ તો તમે કસાઈ કરતા પણ હલકા થયા! ભગવાનની સૂંઢ કપાતી હશે? હું મરી જઈશ પણ મૂર્તિને ભાંગવા નહીં દઉં." બન્ને વૈજ્ઞાનિકોએ રજા લીધી.

તેમના ગયા પછી પ્રભુદાસે મનોમન ગણતરી કરી કે પચાસ હજારમાં કેટકેટલા કામ થાય! બીજું કશું નહીં તો આ નાના એપાર્ટમેંટમાંથી તો છૂટાય. ઉમાને કેવી રીતે સમજાવવું? ઉમા એકની બે નહિ થાય. આમ જુઓ તો ઉમા પણ સાચી હતી. પચાસ હજાર તો બે વર્ષમાં કમાઈ લઈશું.

"પ્રભુદાસ, અમે તમને એક લાખ ડોલરની ઓફર મૂકીએછીએ." ડો. પટેલનો ફોન આવ્યો. "અમારું રિસર્ચનું બજેટ પાંચ કરોડ ડોલરનું છે. અમારી એ.ટી.એન્ડ ટી. કંપનીનું બજેટ કોઈ નાના દેશના સમગ્ર બજેટ કરતાં પણ મોટું છે."

વાત પૂરી થતાંમાં જ પ્રભુદાસનું મગજ ચગડોળે ચડ્યું. લાખ ડોલર શું ન કરી શકે! નવું ઘર, નવી કાર, નવો ધંધો - શું કરાય? છેવટે કશું ન કરે અને પૈસા બેંકમાં મૂકે તો વ્યાજમાંથી જીવાય. નોકરીમાંથી છૂટાય.

ઉમાબહેને પ્રભુદાસને શાંતિથી જણાવ્યું. "આજે પૈસા વિના આપણે સુખી નથી? દુનિયામાં કેટલાય લોકોને કેટલી જાતના રોગો થાય છે, ત્યારે આપણે અને આપણાં બાળકો તંદુરસ્ત છીએ. આપણા કુટુંબમાં કોઈ અકાળે મર્યું નથી. આજ સુધી કોઈને એક્સિડંટ નથી થયો કે ન કોઈ હોસ્પિટલમાં રાત ગાળી હોય. શું મને પૈસા નથી ગમતા?"

પ્રભુદાસને પત્નીની વાત ગળે ઉતરી. જો મૂર્તિ વેચીને ભગવાનના કોઈ શાપના ભોગ બનાય તો?

એમનું મગજ શાંત થાય ત્યાં તે દિવસે સાંજના ડો.મોર્ગનનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે "અમારે મૂર્તિ જોઈએ જ છે અને છેલ્લી ઓફર બે લાખ ડોલરની મૂકીએ છીએ. અને હા, બહુ વિચારતા નહીં. મને આવતી કાલે બપોરે બાર વાગ્યા પહેલાં જવાબ મળવો જોઈએ."

પ્રભુદાસને સમજ ન પડી. આનંદથી કૂદવું કે દુઃખ અનુભવવવું? આ તો મોટું ધર્મસંકટ માથે આવ્યું. તેમણે ઉમાબહેનને વાત કરી. ઉમાબહેન બોલ્યાં.

"મારે મૂર્તિ વેચવી નથી. પરંતુ તમને જોતાં લાગે છે કે તમારી શ્રદ્ધા ડગવા માંડી છે. આનો નિર્ણય ભગવાન પર છોડી દઈએ. ભગવાન આપણને સાચા રસ્તે દોરશે." પ્રભુદાસ વિચારોમાંને વિચારોમાં ખુરશીમાં ફસડાઈ પડ્યા. ઉમાબહેન પલાંઠી લગાવીને ભગવાન સામે દીવો સળગાવીને બેસી ગયા.

બન્નેમાંથી કોઈ આખો દિવસ કાંઈ ન બોલ્યું.

બીજે દિવસે સવારના પહોરમાં ઉમાબહેન બોલ્યાંઃ "ગઈ કાલે મને સ્વપ્નમાં ગણપતિદાદાએ દર્શન દીધાં. મને કહ્યું કે 'મારી મૂર્તિ વેચી દો. દુનિયામાં મારી લાખો મૂર્તિઓ છે. એક મૂર્તિ તૂટવાથી મારો નાશ નથી થવાનો. આ રીતે તમને જે પૈસા મળે તેને મારી કૃપા ગણજો. '"

લગભગ દશેક વાગે ટેલિફોનની ઘંટડી રણકી. પ્રભુદાસે ફોન ઉપાડ્યો. સામેના છેડે ડો. પટેલ હતા. તેમણે કહ્યું, "પ્રભુદાસભાઇ, ગઈ કાલે રાતે એ.ટી.એન્ડ ટી.ના બોર્ડ ઓવ ડાઈરેક્ટર્સે અમારો સૂપર-કંડક્ટરનો પ્રોજેક્ટ કેન્સલ કર્યો છે.અમારે હવે ફાઈબર ઓપ્ટિક્સ પર કામ કરવાનું છે. એટલે હવે અમારે મૂર્તિની જરૂર નથી."

## પાદર

### પ્રીતમ લખલાણી વેસ્ટ હેન્રીએટ્ટા, ન્યૂ યોર્ક

લીમડાને છાંયડે રમ્યા કરે છે પાદર
લીંબોળી લીલીને પીળી વીણ્યા કરે છે પાદર

ભેદભાવ વિના હર ફળિયાની ગાયને
ધણમાં સવારસાંજ હાંક્યા કરે છે પાદર

છલકાતાં બેડાંથી પનિહારી લથબથ ભીંજાતી ભારે
આંખોને હિલોળે મસ્તીથી ચડાવ્યા કરે છે પાદર

અંધારામાં ગામ આખું ઢોલિયે જંપી જાય
પછી પાળિયા સાથે ધીમેથી વાતો કર્યા કરે છે પાદર

ગામ છોડી માડીના જાયાને શહેર ભણી જાતો જોઈ
સૂનમૂન સાડલાને છેડે આંખો લૂછ્યાં કરે છે પાદર.

## મારા લિમરિકિયા પ્રયોગો

### કિશોર રાવળ ફિલાડેલ્ફીઆ, પેન્સિલ્વેનિયા

ન્હાનાલાલે અંગ્રેજીમાંથી સોનેટો ઉપાડ્યાં, જાપાનમાંથી સ્નેહરશ્મિએ ઉપાડ્યાં હાઈકુઓ. મને થયું કે હું રહી ગયો એટલે મેં બગલમાં નાખ્યાં બાકી રહેલાં આયરલેન્ડનાં 'લિમરિક્સો' અને માંડ્યો ગુજરાતીમાં લખવા.

લિમરિકનું બંધારણ સાદું પાંચ લીટીનું. પહેલી, બીજી અને પાંચમી લીટીઓ એક સરખી અને લાંબી અને ત્રણે પ્રાસમાં. ત્રીજી અને ચોથી એ ટૂંકી અને એમનો પ્રાસ અલગ. વિનોદ એ અગત્યનું અંગ. અને વિનોદ માટે પ્રાસ ખાતર સ્પેલિંગનો ભોગ દેવાની છૂટ, એટલે ગુજરાતીમાં જોડણીના બધાં નિયમો બેધડક ભાંગી શકાય. ઊંઝા જોડણીવાળાઓને એક ઉપરવાળાની મોટી મહેરબાની!

મોટાં ભાગનાં લિમરિકો સૌને પથ્ય ન હોય એવાં નોન-વેજિટેરીઅન હોય છે, પણ શુદ્ધ શાકાહારી પણ હોઈ શકે. પહેલાં તો એક દાખલો અંગ્રેજીનો આપીશ જેથી તેની રસમ સમજાઈ જશે.

**A wonderful bird is a pelican**
**His beak holds more than his belican**
**He can take in his beak**
**Enough food for a week**
**I'm darned if I know how the helican!**

અને હવે 'સો ટકા સ્વદેશી' લિમરિકો!!

ભાવનગરના એક કિશોરબાબુ
ન્હાતી વખતે લગાડે ડિલે બહુ સાબુ
ટાંગો ગયો એક સટકી
ગયો નળો એક બટકી
સ્વજનોએ સાંભળી સ્વસ્તિ ઘણી બેકાબૂ!

ભાવનગરના એક ભગુ ભાભુ
એનું હર વિષયમાં ભાષણ ઘણું લાંબુ
લોકો તેથી ત્રાસે
સૂણે મોટે બગાસે
પીઠ પાછળ ફેંકે પોચાં, ભૂરાં જાંબુ

ભાવનગરના નાગર નટવર બૂચ
હર વિષમ હાલમાં રમૂજની બહુ સૂઝ
હોસ્પિટલને બિછાને
સૂતાં કહે બીજાને
અવળી આ દશા મારી, ઉપર બાટલી નીચે બુચ.

હવે થોડી વ્યક્તિઓનો પરિચય ...

વિરાફ કાપડિયાનું સાંભલિયું તમે બાવા?
પારસી થઈ ગુજુ કવિટોલાંમાં તે આવા
ભક્ત મોટો કૃશ્નનો
જવાબ મલસે એક પ્રુશ્નનો?
જોડનીની એક પન ભૂલ કેમ ન ડે ઠાવા?

આજ તખત પર ઉદય જોઈને મધુસૂદનનો
સાંભળો સ્વર તમે કાન્તની યાદના એક રુદનનો
કાપડિયાએ ભારે કરી
ભાષા તણી ભેલી ભરી
અદ્ભુત, અનેરો આનન્દ મને એમનાં સૂનનનો

ફિલાડેલ્ફિઆના ફાટકે વસે ભરાડી સુચિ વ્યાસ
પાછલી પાટલીએ બરાડી ઉડાડે વક્તાના શ્વાસ
કે ક્યારેક વરસાવે વહાલ એવું
પોરસ ચડાવે કિલો બે-ત્રણ જેવું
ઊર્મિથી ઉભરાય આંખો, જાણે વરસ્યો શ્રાવણ માસ

ઓજોબ બિશ્મોય એઈ પ્રીતિ શેનગુપ્તા
વર્ષો લખી કોબિતા હર હપ્તા
ભોમિયા બિન ભ્રોમોન કીધું
ઓશખોલિત કોબિતા શોર્જન કીધું
બંગાળણ, ગુજરાતણ બન્નેમાં એ ખપ્તા

આર.પી શાહ આમતો હાડકાના દાકતર
પણ નાટકોના વાંચક, લેખક અને આફ્ટર
જૂની પ્રણાલિકા દીઠી
તુરંત ઠેકડી કીધી
લોકો બિરદાવે તેમને વાપરી તાળી સ-લાફ્ટર.

સ્થિતપ્રજ્ઞશા બેઠા પેલા કાન્તિભાઈ મેપાણી
આમ શાંત ચિત્તે મરકતા પણ છે બડા ખેપાની
સમર્પણમાં લખે જગવીતી
દિસે વાર્તાઓમાં આપવીતી
સાથમાં કદી ન લેવાના ખાણી, છાંટોપાણી

અને બાવન અવ્યક્તિઓની વાત
બાવન પત્તે મહાલે પેલાં ગુલ્લો, બાચ્છા રાણી
ઊંડા ઉતરી નિરખો એમાં આપણાં જેવા પ્રાણી
રાજાની આંખ રાતી
ગુસ્સે નહીં સમાતી
દીઠા તેણે જયારે પેલા ગુલ્લા ઉપર રાણી!

અને છેલ્લે એક નોન-વેજ પીરસું? થોડી બીક લાગે છે ખરી!
ભાવનગરની એક વ્યક્તિ અજનબી નવાઈ
આમ બહુ શરમીંદી તે છતાં ચૌટેચોકે ગવાઈ
જયારે બાથરૂમમાં જાય
ત્યારે ચાદર ઓઢી નહાય
એને જ ખબર ન'તી કે પોતે છે ભાઈ કે બાઇ!

અને લિમરિક લખવાના બંધ કેમ કર્યા તે સમજાવવા એક છેલ્લું લિમરિક.

કિશોર રાવળને કવિતાનો શોખ બહુ ભારી
મક્તા, મસ્લા કે મંદાક્રાંતામાં સમજે ન લગારી
ઘડે ચિત્રવિચિત્ર પ્રાસ બહુ
દ.ત. આઈ લવ માય વહુ
કોકિલા તેમની વદે બંધ કરો આ લવારી!

અને હવે અહીંથી ભાગું?

# આ પણ ઉમાશંકર!
## ભોળાભાઈ પટેલ
અમદાવાદ, ગુજરાત

લગ્નસરાના દિવસો હતા. એક સાંજે કવિ ઉમાશંકરના ઘર 'સેતુ'થી એમની સાથે વાતો કરતાં બહાર નીકળ્યા. ત્યાં ત્રણ કન્યાઓ કોઈ લગ્નમાં જવા માટે ભારે વસ્ત્રાભૂષણ સજી ગલીના એક ઘરમાંથી હસતી હસતી કંઈક ઉતાવળે પગલાં ભરતી નીકળી. સત્તર-અઢારની વયનું અલંકૃત સૌન્દર્ય બરબસ નજરને ખેંચી રહે એવું. પણ ઉમાશંકરભાઈ સાથે હોય એટલે એની મેળે જ અદબ રહે. નજર ફરી ફરી ન કરી વાતોનો દોર ચાલુ રાખી એમની સાથે ચાલતો રહ્યો. પેલી કન્યાઓ ગલીનો વળાંક પૂરો થતાં મુખ્ય સડકની જમણી બાજુએ વેગથી વળી ગઈ. અમે ડાબી તરફ વળી સેન્ટ ઝેવિયર્સ કોર્નર ભણી વળ્યા.

ઝેવિયર્સ આગળથી ચાલી આવતી આખી સડક અને આસપાસ સાંજનો રમણીય તડકો ઢળતો જતો હતો. એવો એ તડકો કે એની એ ઈમારતો પણ કોઈ રંગીન તસવીરમાં જોતાં હોઈએ એવી લાગે. આજુબાજુ કોઈ વાહન તો નથી આવતું એ જોવા અમે બન્ને આગળપાછળ જોઈ સડકની ધારે જરા આગળ વધીએ ને બાજુમાંથી ત્રણ ગોપકન્યાઓ નીકળી. એમની વય પણ સોળ-સત્તરની હશે. રોજબરોજનો ઓઢણી-ઘાઘરા-પોલકાનો એમનો વેશવાસ. અમારી તરફ એ જેવી વળી કે પેલો આથમતો તડકો એમના ઉલ્લસિત ચહેરા પર એકદમ ખીલી ઉઠ્યો. સૌન્દર્યની જ ઝાંખી. કશોક સાહજિક ઉદ્‌ગાર નીકળી જ આવત જો કવિ સાથે ન હોત. અમારી વાતો ચાલતી રહી, પણ એમાં મારું ધ્યાન ન હતું. મને થયું કે આ વખતે તો હું પકડાઈ જઈશ. અવાજ કે ચહેરાનો ભાવ ન બદલાય એ માટે મથવા લાગ્યો.

ત્યાં ચાલતી વાત એકદમ અટકાવી દઈ કવિ ઉમાશંકરે ધીમે સાદે કહ્યું:

'જોયું?'

મેં ચાલતાં ચાલતાં પ્રશ્નસૂચક નજરે એમની સામે જોયું.

'જોયું?' કવિ જાણે સ્વગત બોલતા હોય એમ કહેતા હતા.

'આપણે ઘેરથી નીકળ્યા ત્યારે ય પેલી ત્રણ કન્યાઓ સામે મળેલી. સજીને જતી હતી અને પછી આ બીજી ત્રણ કન્યાઓ! પણ આ કેવી વધારે શોભતી હતી! તેમાં વળી તડકો...'

હું સ્તબ્ધ. શું હું પકડાઈ ગયો હતો? ના, કવિની વાણીમાં પણ એક અપૂર્વ સૌન્દર્યદર્શનનો લય હતો. હું સાંભળતો ગયો, એકદમ ઉલ્લસિત થતો.

તો શું કવિની નજર આ બધું નોંધતી હતી? મને થયું હું મૂરખ છું. કવિની નજર જો આ બધું ન નોંધતી હોય તો પછી કોની નજર નોંધે? અને તેમ છતાં ઉમાશંકરભાઈની એક છાપ મનમાં કે...

એટલે આ ક્ષણોએ મારું મન કવિની એ અકુંઠ દૃષ્ટિની સરાહના કરી રહ્યું. પછી તો ચાલતાં ચાલતાં કોમર્સ અને એલ. ડી. વચ્ચે સાંકડી સડક પાર કરતા એ. જી.ના માર્ગ ઉપરના ખૂણે લીમડાના ઝાડ નીચે કંઈ કેટલુંય ઊભા રહ્યા એ સાંજ ટાણે વાતો કરતા.

*

એ દિવસોમાં કવિ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની ફરજોમાંથી મુક્ત થઈ કુલપતિનિવાસ છોડી ફરી 'સેતુ'માં આવી ગયા હતા. કુલપતિ થયા તે પહેલાં તેઓ ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ અને ગુજરાતીના પ્રોફેસર હતા. કુલપતિ થયા પછી પણ અધ્યક્ષપદે ચાલુ રહ્યા, પણ અધ્યક્ષ તરીકેનો વધારે પગાર છોડી દઈ કુલપતિને એ વખતે મળતું માત્ર નામનું માનદ વેતન લેતા હતા. (આજે તો કુલપતિઓને ઘણી સારી રકમ મળે છે.) પછી રાજસભાના સભ્ય થતાં અધ્યક્ષપદેથી તેઓ છૂટા થ યેલા.

૧૯૭૩-૭૪નું વર્ષ હશે. એક દિવસ સાંજે 'સેતુ'માં એમના અભ્યાસખંડમાં (જેને પોતે ક્યારેક વિનોદમાં સુથારલુહારની કોઢની જેમ 'લેખકની કોઢ' કહેતા) મારા હાથમાં એક ચેક આપી કહે, 'જરા આટલું કામ કરશો? આ ચેક કુલસચિવ કંચનભાઈ પરીખને પાછો આપશો?'

મેં જોયું કે બારતેર હજારનો ચેક હતો.

કહેઃ 'યુનિવર્સિટી પ્રોફેસરોનાં નવાં પગારધોરણો આવતાં યુનિવર્સિટીએ મારા એ વખતના પગારનાં એરિયર્સ પાછલી બાકી પેટે નીકળતાં નાણાંનો હિસાબ કરીને આ ચેક મોકલ્યો લાગે છે. પરંતુ મારો ખ્યાલ છે ત્યાં સુધી આ નવાં પગારધોરણ આવ્યાં ત્યારે હું મારો પ્રોફેસર તરીકેનો પગાર નહોતો લેતો. તો પછી એ પગારવધારાનો ચેક હું કેવી રીતે લઈ શકું?'

કવિ બહુ સહજ રીતે વાત કરતા હતા -- જાણે કોઈ બાર તેર રૂપિયા પાછા આપવાની વાત હોય એમ. યુનિવર્સિટીએ તો નિયમ અનુસાર પૈસા ગણ્યા હશે, પણ એ પૈસા પર પોતાનો કોઈ નૈતિક હક્ક નથી એવું એમને લાગ્યું હશે. આટલી મોટી રકમ ચૂપચાપ પાછી.

હિસાબના થતા ચાર પૈસા પણ પાછા લેવા માટે એકવાર એ મુંબઈ રેલ્વે સ્ટેશનના બુકિંગ ક્લાર્ક સાથે લઢેલા.

આપણને વિચાર થાય કે કઈ ધાતુમાંથી આ માણસ બન્યો હતો?

*

'Let us celebrate' -- નાનો મોટો કંઈ પ્રસંગ હોય એટલે કવિના મોઢામાંથી આ શબ્દો સરે. 'લેટ અસ સેલિબ્રેટ' -- 'ચાલો ઉજવીએ'. કોઈ નવી ચોપડી આવી હોય, કોઈ સારો લેખ પ્રકટ થયો હોય, કોઈ પ્રસંગ બન્યો હોય. આવે વખતે કવિ ઘરમાં જાય અને મીઠાઈ લઈ આવે. એકવાર આવે પ્રસંગે એમણે જોયું તો મીઠાઈમાં માત્ર સુખડીનો એક કકડો. કવિ પ્લેટ સાથે છરી લઈને આવ્યા. 'Let us celebrate.' પોતે છરીથી મહાસમારોહપૂર્વક ચાર ટુકડા કર્યા, બધાને એક એક આપ્યો અને હસતાં હસતાં એ પ્રસંગ ઉજવ્યો.

કવિએ જાતે ચા બનાવીને પાઈ હોય તેવું એમને ત્યાં જનાર ઘણા મિત્રોને બન્યું હશે.

અતિથિસત્કાર હંમેશા ઉષ્માભર્યો. એક વખતની વાત છે. કહેઃ 'ચા પીઈએ.' મેં કહ્યુંઃ 'પણ બનાવીશ હું.' તો કહે, 'અરે, હું તો તમને દાળભાતરોટલી બધું રાંધીને જમાડી શકું છું. આવડે છે બધું.' પછી મેં કહ્યું, 'તમારી બનાવેલી ચા મને ફિક્કી લાગે છે. રંગ આવતો નથી.' કહે, 'આ તો લિપ્ટન છે. રંગ ના આવે.' મેં કહ્યું, 'ઉકળવા દો, વધારે પત્તી નાખો તો રંગ આવે.' 'જોઈએ ત્યારે' કહી પોતાની ચા ગાળી લીધા પછી ફરી મારે માટે થોડી વધારે પત્તી નાખી ઉકાળી અને પછી કહે -- 'હવે?'

પછી તો સ્વાતિ-નંદિનીબેન હોય તો કહેશે, 'જરા લાલ ચા.' દિલ્હીના ડિફેન્સ કોલોનીના ઘરમાં પણ મને આપવાની ચાનો રંગ લાલ થવા દે. આવું તો એમની નજીકમાં આવેલા સૌને માટે.

*

આપણને આશ્ચર્ય થાય એટલી હદે કવિ સામાજિક પણ હતા. એમના નિકટના મિત્રો અને એમનાં કુટુંબીજનો જાણે છે. પણ જરા જુદા અર્થમાં કહું તો એમનું કુટુંબ ઘણું મોટું. નાનામોટા સૌ સાહિત્યકારો

એમના કુટુંબમાં. બને ત્યાં સુધી દરેક એવા કુટુંબીજનને ત્યાં સારેમાઠે પ્રસંગે જાય જ. સૌને, સૌનાં છોકરાંનેય નામથી ઓળખે. આમ તો ભાગ્યે જ પત્રનો જવાબ લખે, પણ આવે વખતે તો કદી ન ચૂકે. દુઃખને પ્રસંગે એમની હાજરી ઘા ઉપર મલમલેપ બની જાય. સુખના પ્રસંગોમાં સુખ બમણું બની જાય એમની હાજરીથી. કશોય ભાર ન હોય. હાસ્યવિનોદ ભરપૂર. મીઠી મજાક પણ કરી લે. ક્યારેક થોડી વાર પછી સમજાય.

મારા પુત્ર મધુના લગ્નપ્રસંગે બહારગામ હોવાથી હાજર નહીં રહી શકેલા. અમદાવાદ આવ્યા એટલે પછી અનુકૂળતા થતાં તરત નવદંપતીને આશીર્વાદ આપવા આવ્યા. મધુ અને શર્મિષ્ઠાના પ્રેમલગ્ન હતાં. તેઓ બંને દાહોદની કોલેજે જયારે જર્મન કવિ રિલ્કેની શતાબ્દી પ્રસંગે ત્રણચાર દિવસનો પરિસંવાદ રાખેલો, ત્યાં પ્રથમ મળેલાં અને એકબીજાની નિકટ આવેલાં. એ પરિસંવાદમાં કવિ ઉમાશંકર, કવિ સુરેશ જોષી અને બીજા ઘણા મિત્રો પણ હતા.

મધુ-શર્મિષ્ઠાને આશીર્વાદ આપતાં કહેઃ

'શર્મિષ્ઠા, રિલ્કે બહુ સારો કવિ, નહીં?'

રિલ્કેના સેમિનારમાં મધુ-શર્મિ પ્રથમ મળેલાં તે પણ યાદ. થોડી વાર પછી એમની આ ઉક્તિ વિષે ટ્યુબલાઈટ થતાં અમે સૌ ખૂબ હસ્યાં. શર્મિષ્ઠા ખરેખરું હવે શરમાઈ.

*

હા, તો દાહોદના એ રિલ્કે સેમિનારના જ એક પ્રસંગની વાત કહું. કોલેજના આચાર્ય ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સૌને કોલેજના જુદા જુદા ખંડોમાં ઉતારાની વ્યવસ્થા કરેલી. દિવસે ચર્ચાઓ ચાલે એનાં કરતાં રાત્રે વધારે ચાલે. કોઈ એકના ખંડમાં સૌ ભેગા થઈ જાય. એક વાર સુરેશ જોષીના ઓરડામાં સૌ બેઠેલાં. રિલ્કે હોય અને સુરેશ જોષી હોય, દિગીશ હોય, પ્રબોધ હોય, અનિરુદ્ધ હોય પછી કહેવાનું હોય?

ત્યાં 'હાઉક' કરીને ઓરડાના બારણાંમાથી કોઈએ કૂદકો માર્યો. એક હાથમાં ફૂમતાંવાળો ભાલો, બીજા હાથમાં ચકચકતું ડાવ (કાકોર વિનાના દાતરડા જેવું હથિયાર) અને ખભે નાગા આદિવાસીઓની લાલ ધમ શાલ. અચાનક આ આક્રમક કૂદકાથી પહેલાં તો આ બધા ભયકંપિત, ચકિત. પછી હાસ્યનો હિલ્લોળ -- એ હતા કવિ ઉમાશંકર.

તાજેતરમાં નાગાલેન્ડ, આસામ વગેરે પ્રદેશના પ્રવાસથી આવેલા. નાગાલેન્ડના મુખીએ આપેલાં એમની સભ્યતાનાં પ્રતીકરૂપ એ શસ્ત્રો અને શાલ ધરીને કવિએ આમ નાટકીય પ્રવેશ કરી કેવો તો સૌને આનંદ આનંદ કરાવી દીધો!

આ પણ ઉમાશંકર!

('બોલે ઝીણા મોર'માંથી સાભાર)

> કોઈના સૂના આભમાં ઊગ્યા પ્રેમનાં ચાંદ સિતારા
> ચાલને ગોરી વીણવા જઈએ. બે તારા -- બે મારા
>
> મીના પટેલ

## એ જ અંતિમ પળ લખું

**કિશોર મોદી** પાર્સિપ્પની, ન્યૂ જર્સી

હું જ મારી જાતને કાગળ લખું,
એકલો બોલું અને આગળ લખું.

ફૂલ વિશે કંઈ સમજ પડતી નથી,
નામ તારું ચીતરી ઝાકળ લખું.

કોઈ ભીંજવતું રહે છે ચોતરફ,
પીઠ પાછળ કઈ રીતે મૃગજળ લખું?

ચૈત્રી દિવસો આંખમાં ઓળા કરે,
હાથમાં પ્રસ્વેદથી વાદળ લખું.

એટલું મારા વિશે લખવાનું કેઃ
પીડ છે તન્હાઈની કેવળ, લખું.

કૈંક લખવું છે જીવન વિશે 'કિશોર',
કંઈ નહીં બસ એ જ અંતિમ પળ લખું.
(ગઝલસંગ્રહ 'મધુમાલિકા'માંથી સાભાર)

## એક અનુભવ

**કૃષ્ણાદિત્ય** ફ્રેમિંગહામ, મેસેચ્યૂસેટ્સ

એક દિન થયો ઘાવ વજ્ર પ્રહાર શો,
અળગી થઈ આકાશી છત વીજપાતથી સળગી દિશાઓ.
પડ્યા ઢળ્યા ગઢ કાંગરા ધરતી ચૂમ્યા.
ક્ષણમાત્રમાં તો જયાં હતી ભવ્યતા ભસ્મ જ રહી.
સમૃદ્ધિમાં માત્ર ઊડતી દૂર એક સમળી રહી.

પણ ત્યાં ગગન જોઉં ઘટા જોઉં ઊંચે ઘુમટ વિના
બિન મહેલના મેદાનની માદક મજા જોઉં.
અનહદ અનાહત પ્રેમની ઝાંખી કરું
જોઉં પ્રથમ જાણે પ્રિયાનું વદન કોઈ ઘૂંઘટ વિના.
હું અસીમને બાંધવા મથતો રહ્યો
મુજ મમતમાં ને મહેલમાં,
તેં પલકમાં તોડી દીવાલો
સરસો લીધો સાવ સહેલમાં.
(કાવ્યસંગ્રહ 'યાત્રાપર્વ'માંથી સાભાર)

(આગલા અંકમાં કૃષ્ણાદિત્યની બે કવિતાઓનાં શીર્ષક મેં મેળે ઘડેલાં હતાં. એ કરવાથી કોઈને પણ એનો આનંદ ઓસરી ગયો હોય તે માટે ક્ષમા માગું છું. કિશોર રાવળ)

## ગઝલ
### આદિલ મન્સૂરી      જર્સી સિટી, ન્યૂ જર્સી

દરેક દ્રાક્ષના દાણે સુરા છુપાવીને
કસોટી કરવી છે તોબાની કચકચાવીને

ખરેલું આભ અવાચક ઊભું છે આંગણમાં
પવન જતો રહ્યો દરવાજા ખટખટાવીને

કોઈના નામનું અજવાળું શોધીએ આવો
બળેલાં ખંડેર અંધારને હટાવીને

આ દિગ્વિજયની ખુશાલી વહેંચશો કોને
સમગ્ર વિશ્વને સંગ્રામમમાં હરાવીને

ઊભા છીએ અહીં સત્કાર કરવા મૃત્યુનો
ધનુષ્યે આખરી આ બાણને ચડાવીને

ખબર છે શત્રુની સાથે પધારવાના છો
અમેય બેઠા છીએ આંગણું સજાવીને

હવે તો ક્રોધના દરિયાનાં વળતાં પાણી છે
હવે થૂંકી દો મોઢાની ગાળ ચાવીને

કરે છે પ્રાર્થના અમૃતના પાકની જેમ આદિલ
દશે દિશામાં બેઠા જે ઝેર વાવીને

## ટીંબાનો ઉપદેશ
### સ્વામી આનંદ  (૧૮૮૭-૧૯૭૫)

ભગત ટીંબે બેઠા બોધ આલે છે.  લોક બેઠું સાંભળે છે.  વૅણેં વૅણેં ફુલડાં ઝરે છે :

ગરીબગરબાંવની જૅ થાવ; દીનદખિયાંવની જૅ થાવ; કાં કે મારા રામજીનું રાજ ઈમનું છે.

સંતો!  રાંકનાં રાજ થાશે; ભૂખ્યાં ધરાશે; દયાળાંને દયા મળશે ને નિરમળાંને મારા રામજીનાં દરશણ થાશે.

સંતો!  મનકાયાથી નિરમળ રૅ'જો.  આંખ્ય કાયાનો દીવો છે.  ઈ ઍઠી થાય તે દિ' ઈને ફોડજો; કાંડું કનડે તો કલમ કરજો.

ભગતો! તમારી ભાવભગતીના દેખાડા કરજો માં.  પણ અંતરને ખૂણેં માંયલા આતમરામને જગાડીને તીના આગળ તમારા હૈયાની આરત આમ ઠાલવજો :

હે મારા રામધણી!  હે ભગવાન!  હે પરભુપત્યા!  તારી જૅ થાવ.  તારાં જ રાજ બધે થાવ.  આ લોક પરલોક તારી જ આણ્ય સંધે વરતો.

હે હજારૂં હાથવાળા!  કીડીને કણ ને હાથીને હારાના પૂરણહારા!  તું જ અમને રોજનો રોટલો પૂરજે.

હે અંતરજામી!  તું ઘટડે ઘટડે જાગતીજોત્ય બેઠો છો.  તું અમને માંયલા વૅરીના માર્યા ગોથું ખાવા દેજે માં, અમને ભીની ભોં ઉપર લપટવા દેજે માં.

ને જયમ અમે અમારા ભાયુંભાંડરૂવના વાંકગના ખમી ખાયેં, ત્યમ તુંય અમારા વાંકગના ગળી જાજે.

કાં કે મૅ'માવંતા!  તારી જ આણ્ય ને તારો જ મૅ'મા ત્રણેય લોકુંમાં વાપી રયા છે.  તારો જૅજૅકાર થાવ.

*

સંતો!  બે ધણીની ચાકરી કોઈથી એકહાર્યે નૉ થાય.  ઈ એકને વા'લો ને બીજાને દવલો કરશે; એકનાં સાચવશે ને બીજાનાં રેઢાં મેલશે.  મારા માવાની ને માયાની સગાઈ એકહાર્યે સંચવાશે નઈ.

ભાયું મારા!  ઠાકરના નૈવેદ કૂતરાંવને નીરજો માં, ને ભૂંડના મોઢા આગળ મોતીના ચૉક પૂરજો માં.  એવાં ઈ તો તી પર હમચી ખૂદશે ને સંધો ઊકરડો કરી મેલીને સામાં મારવા આવશે.

પણ એક મારા રામજીને જ દુવાર જાચજો.  ન્યાંકણે તમને માગ્યું મળશે; ગોત્યાભેળું જડશે ને તમારી આંગળીને ટકોરે ઈની ડૅલિયું ઊઘડશે.

કાં કે સંતો!  તમમાંથી કિયો બાપ એવો ભાળ્યો, જી તીનો દૂધપુતર રોટલો માગે ને ઈ તીને ઠેકાણે પાણો આલે?

તી માટે સંતો!  આંયની ચંત્યા મેલો, કે શું ખાશુંપીશું ને શું પૅરશું!  ઈ વલોપાત સંધા માયાના જીવના છે.

આ વનવગડાનાં પંખી જુવો.  ઈ ક્યાં વાવવાલણવા ગ્યાં 'તાં?  પણ ઈની ચણ્યની ચંત્યા રામધણીને છે.

તળાવુંનાં પોયણાં જુવો.  ઈ ક્યાં બાવડાં વેંઝવા ને કાંતવાવણવા ગ્યાં 'તાં?  પણ એવાં ઈમની શોભા આગળ મોટા માંધાતાવનાંય માથાં નમે છે.

માટે સંતો!  કૉળિયો ધાન ને વેંત વસ્તરની ચીંદરડી સાટુ થઈને આ અમોલખ મનખ્યાને સોંઘો કરજો માં.  બસ, એક મારા રામજીનું જ નામ અંકે કરજો, એટલે પછેં નવેય નધ્ય તમ વાંહણ્યેં વાંહણ્યેં હાલી આવશે.

*

સંતો!  કોયના કાજી બનજો માં.  કાં કે તમે બીજાવનો નિયા તોળશો તીવો જ તમારોય નિયા તોળાશે, ને જી માંણે તમે ભરશો તી જ માંણે તમારાંય ધાન ભરાશે.

ભાય મારા!  તારી આંખ્યમાં આડસર પડ્યું છે ઈ જોવું મેલી સામાની આંખ્યનું કણું જોવા હાલજે માં; પરથમપેલું તારી આંખ્ય માંયલું આડસર કાઢજે, અટલેં પછેં તારા પાડોશીની આંખ્યનું કણું કાઢવાનો કીમિયો તને જડી જાશે.

માટ્યેં કરીને ભાયું મારા!  તમે પંડ્યનું ચિંતવો એવું સામાનું ચિંતવજો.  ને તમ હાર્યે સઉવેં જી રીત્યે હાલવું જોવે, તી રીત્યેં પરથમ તમે સૌ હાર્યે હાલવા માંડજો.  બસ, આટલામાં સંધાય સંત ને શાસ્તરનું શીખવ્યું આવી ગ્યું.

સાજનો!  તમે ધરતીનું લૂણ છો.  તમારી મીઠાશ છોડજો માં, કાં કે તમારી મીઠાશ જાશે તે દિ' પર્થમી પરલે થાશે.

તમે ડુંગરના દીવા છો.  પર્થમી આખીમાં અજવાળાં પાથરજો; પોથીપંડ્યાવથી સરસા ઠરજો.

એવા ઈ તો જૂનાં શાસ્તર કાઢીને સંભળાવે છે, 'જીવહંસા કરજો માં.'  પણ હું તમને કઉં છું, જી ઈના ભાયું હાર્યે વઢવેડ કરશે, ને જી ઈના પાડોશીને વાંકો દવલો કૅ'શે, ઈ નરકેં જાશે.

સંતો! એક કાન કાપવાવાળાના બેવ કાપી લેવાનું ને બે દાંત પાડનારાના બત્રીશેય પાડવાનું તો મૉયલા કૅ'તા જ આવ્યા છે; પણ હું કઉં છું તમે ભૂંડા હાર્યે ભૂંડા થાજો માં.

ને કોય તમને જમણે ગાલેં અડબોત મારે તો ડાબો ઈની આગળ ધરજો; તમારી બંડી લેવા કરે તીને ભેળું અંગરખુંય આલજો; ને તમને ખેતરવા હાર્યે હાલવા કૅ' તીના સાટુ થઈને તમે ગાવ ભોં હાલજો.

સંતો! એવા ઈ નીતિ ને શાસ્તર જાણવાવાળા વેદવાન તો ત મને વા'લાં-વૅરી ને હેતુ-દશમન કરવાનું શીખવાડશે.

પણ હું તમને કઉં છું, તમે વૅરીને વા'લો કરજો, ગાળ દે તીને ખમ્મા કૅ'જો, ને તમારી ખેધેં પડે તીના ભલા સાટુ થઈને રામધણીને વીનવજો.

સંતો! ગણ કરનારાનો ગણ તો સઉ કરે છે. નમનારાને સઉ નમે છે. પણ મારા રામજીનો સૂરજનારાયણ સારા ને નરસા બેવ ઉપર ત પે છે; ને વરસાદ કાંટાળી વાડ્યમાંય વરસે છે.

સાજનો! તીના જેવા થાવ તાણેં તમે રામજીના વા'લા; ને તાણેં તમારું માત્યમ.

*

સંતો! પાપની વાટ પૉ'ળી છે, ને તી ઉપર હાલવાવાળા ઝાઝા છે. પણ મારા રામજીના ઘરની વાટું સાંકડી છે, ને ઈ વાટેં હાલવાવાળા થ ોડા છે.

સંતો! બગલા ભગતુંને ઓળખીને હાલજો. ઈ દેખાશે રાંક ગાડર જેવા, પણ માંય ગજની કાતી રાખીને હાલનાર, ને ભૂખ્યા જરખની ઘોડ્યેં ફાડી ખાનારા.

બાર્યથી ધોળા ને માંય કાળોતરા. બાર્ય ચૂના દીધેલ ધોળી કબરું જેવા, ને માંયલી કોર મૂઆં મડાં.

સંતો! થોરેં કેળાં પાકે નઈ ને બોરડીની ડાળ્યેં આંબામૉર આવે નઈ. ઈ તો આંબે કેરી ને કૌવચને કૌવચ. માટ્યેં તમે ફળ દેખીને વેલો ઓળખજો.

ભાયું મારા! તમારાં દાનપુન્યના દેખાડા કરજો માં. તમારો જમણો હાથ આલે તીની ડાબાને ખબર પડવા દેજો માં. દીધાં દાનના ઢોલ વગાડવા ઈ જગતિયા જીવના ધંધા છે.

સંતો! ઈમ તો એરણ્યની ચોરી કરીને સૉયનું દાન કરવાવાળાય ધણીને દુવાર જઈને બકોર કરશે : 'અમેય તારે નામેં તીરથ નાયા છયેં; અમેય પાઠપૂજા દાનધરમ દેવશરણ કર્યાં છે, ને દીપમાળું પૂરિયું છે.'

પણ મારો રામજી ઈ વેળાયેં એવા ઈમને કૅ'શે, 'હાલતા થાવ અનિયાના આચરવાવાળાવ. હું તમને ઓળખતો નથી.'

સંતો! આટલી વાત નિશ્ચે કરીને માનજો કે સોયના નાકાની માંયલીકોર્યથી સાંઢિયો હાલ્યો જાય ઈ ભલેં, પણ મારા રામધણીને દુવાર લખમીવંતાને ઊભવા મળવું દોયલું છે.

સંતો! નકરા મોઢેથી 'રામ' 'રામ'ના થાળ ધર્યે રામજી રાજી નઈ થાય.

પણ જિણ્યે આંયકણેં મારા રામજીનાં કામ કર્યાં હશે, જિણ્યે દિનદખિયાંવને પાપિયાંપતિયાંવને હાર્યે બેસીને દલાસા દીધા હશે, જિણ્યે નોંધારાંવને હાથ દેવા જીવતર સોંઘાં કર્યાં હશે -- તીનેં જ પૉરસ કરીને બથમાં લેવા મારો રામ સામો ધૉડશે.

*

સંતો! મૉયલાં શાસ્તર વાંચવાવાળા કૅ' છે, 'પારકી અસ્ત્રી હાર્યે હાલજો માં, ને અસ્ત્રી ઈમ હાલે તો તીનો છેડો ફાડી આલજો.'

પણ હું કઉં છું, જિણ્યે અસ્ત્રી જાત ઉપર ઍઠી નજર નાખી ઈણ્યે નરકનું ભાતું બાંધ્યું; ને જિણ્યે કોય કેવાય કારણેં ઘરની પરણેતરને ઘરબાર્ય કરી ઈનો દિ' આથમ્યો.

વળી એવા ઈ શાસ્તરના વાંચવાવાળાવ કૅ' છે, 'જૂઠા સોગન ખાજો માં.' પણ હું કઉં છું, તમે સોગન જ કોય વાતના કોય દિ' ખાજો માં; ન સરગના ન પર્થમીના :

કાં કે સરગ ઈ રામરાજાનું સિંઘાસન ને પર્થમી ઈના ચરણુંની પગતળી કૅ'વાય.

માટ્યેં તમે હા કૅ'વી હોય ન્યાં હા, ને ના કૅ'વી હોય ન્યાં નકરી ના જ કૅ'જો.

*

સંતો! હું સંત શાસ્તર સંધાયને ઉથાપવા આવ્યો છું ઈમ માનજો માં. હું સંતુને ને શાસ્તરને ઉથાપવા નથી આવ્યો; હું ઈમનાં વચનુંની વાટ્યું સંકોરવા આવ્યો છું.

હું દખિયાંને દલાસા દેવા ને ભારેમૂંવાંના ભાર ઉતારવા આવ્યો છું. જી વશવાસેં હાલશે તીનાં હાલરાં હળવાં થાશે.

સંતો! મારા રામજીના ઘરની વાટેં જાં મોટમોટા ભણ્યા-ગણ્યા માનધાતાવ ગોથાં ખાશે, ન્યાં મારા રામજીનાં ગભરુડાં બાળ વાટું ચીંધશે.

આ સંધું જીની નજરું પોંચે ઈ ભાળી લ્યે, ને જીને કાંન હોય ઈ સાંભળી લ્યે.

હે દખિયાંવ! હે દનિયાંના ભાર વૅ'નારાંવ! આંયકણેં આવો. આંય તમને વિસામા મળશે. આંય તમારા હૈયાના ભાર હળવા થાશે.

કાં કે મારો રામ તરણાથી હેઠો છે ને ઈનું ધીંસરું હળવુંફૂલ છે.

*

સાજનો! મારા રામનાં આ વચન સાંભળીને જી હૈયે લેશે ઈ ટ ીંબાની શલ્યાયું ઉપર ઘર બાંધશે.

પછેં ઈ ઉપર બારે મેઘ ત્રાટકશે ને વિજળિયું વાવાઝોડાં ટૂટી પડશે તોય ઈની કાંકરીય ખરશે નઈ.

પણ જી મારા રામજીનું કયું આ કાને સાંભળીને ઓલ્યે કાને કાઢશે, ઈ વેળુ ઉપર બંગલા બાંધશે; ને ઈ બંગલા પૅ'લે માવઠે ભોં ભેળા થઈ જાશે.

('ઈશુ ભાગવત'માંથી સાદર)

## "પાણી મૂક!"

### કિશનસિંહ ચાવડા (૧૯૦૪-૧૯૭૯)

પ્લેગના દિવસો હતા. આ રોગથી આખા શહેરમાં ભય અને ત્રાસનો પાર નહોતો. જેમને બહારગામ જવાની સગવડ હતી તેઓ શહેર છોડીને ચાલ્યાં ગયાં હતાં. પૈસાપાત્ર અને ઉચ્ચ મધ્યમવર્ગના ઘણા માણસોએ શહેર બહાર માંડવા બાંધીને રહેવા માંડ્યું હતું. શહેરમાં રુદન અને વ્યથા રઝળતાં હતાં. અમારા ફળિયામાંથી બહાર માંડવામાં કે બહારગામ જઈ શકે એવી કોઈની સ્થિતિ કે સગવડ નહોતી. ફળિયું ભર્યું હતું. હજી સુધી કોઈનો આ રોગે ભોગ લીધો નહોતો. ઘણાં ઘરોમાં બિલાડાઓ પાળવામાં આવ્યા હતા. ઉંદરના દર્શનમાત્રથી લોક કંપી ઊઠતા હતા. મૃત્યુની ભયંકરતા અને ભયથી સમગ્ર વાતાવરણ ધ્રૂજતું હતું.

ત્યાં તો એક સવારે અમારાં પાડોશી ફૂલીકાકી જોરથી રડતાં રડતાં બહાર દોડી આવ્યાં. બિચારા ફકીરકાકાને બગલમાં ગાંઠ નીકળી

હતી અને વેદના વધતી જતી હતી. ફૂલીકાકી અને ફળિયાના બીજા માણસો સારવારમાં મચી પડ્યાં. પણ પ્લેગના રોગની દવા નહોતી. ઈંજેક્શન તે વખતે નીકળ્યાં નહોતાં. આજથી ત્રીસ વર્ષ પહેલાંની (૧૯૧૭-૧૮ની) એ વાત. સારવાર એમને પહોંચે તે પહેલાં તો તે જ સમીસાંજે ફકીરકાકાએ દેહ છોડ્યો. આખી રાત અમારા ફળિયામાં ભયંકરતા ભટકતી રહી. પ્લેગના રોગનો ફળિયામાં આ પહેલો શિકાર હતો. લોકો ફકીરકાકાને સ્મશાનમાં બાળીને મધરાતે ઘેર આવ્યા ત્યારે ફળિયામાં પાછી રડારોળ થઈ રહી હતી. રતનકાકીના એકના એક દિકરાને પ્લેગ થયો હતો. સાથળમાં ગાંઠ નીકળી હતી. એની વેદનાથી જુવાન છોકરો વધેરાતા બકરાની જેમ ચીસો પાડતો હતો. રતનકાકી વિધવા હતાં. છોકરો એક જ આધાર હતો. ફૂલીકાકીને ત્યાં ડાઘુઓએ પાણીનો કોગળોય કર્યો ના કર્યો ત્યાં રતનકાકી રુદનથી ફાટી પડ્યાં. આખા ફળિયામાં જેના પરગજુપણાનો જોટો નહોતો એ રતનકાકીનો દિકરો શંકર મૃત્યુના મુખમાં સમાઈ ગયો. પ્લેગના શબને વધારે સમય ઘરમાં રખાય નહીં, એટલે મસાણમાંથી ફકીરકાકાને બાળીને આવેલા માણસોએ શંકરને ઉપાડીને ચાલવા માંડ્યું.

હું, મારી મોટીબહેન અને મારી બા આખી રાત ઊંઘી શક્યાં નહીં. સવારે સાત વાગે બાપુજી સ્મશાનમાંથી પાછા આવ્યા. આખી રાતનો ઉજાગરો, મહેનત, ભયનું વાતાવરણ અને અંતરની ગમગીનીને કારણે એમના ચહેરા પર દુઃખ પથરાયું હતું. બાના આગ્રહથી બાપુજી નાહીધોઈને થોડોક નાસ્તો કરીને આડા પડ્યા. એટલામાં અમારા સામા ઘરમાંથી મગનમામા દોડતા આવ્યા ને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. લખમીમામીને પ્લેગની ગાંઠ નીકળી હતી. મગનમામાના રડવાના અવાજથી બાપુજી જાગી ઊઠ્યા. એમણે મગનમામાના ખભે હાથ મૂક્યો અને સાંત્વનાનો શબ્દ કહેવા જાય ત્યાં તો પાલીમાસી રડતાં રડતાં ખબર લાવ્યાં કે પાછલી પોળમાં આંધળી સદાડોસીની એકની એક જુવાનજોધ દીકરી મણિને ગંગાજળ આપ્યું છે. તે દિવસે મધ્યાહ્ને ફળિયામાંથી બે નનામી લઈને જયારે માણસો નીકળ્યા ત્યારે હાહાકાર મચી ગયો. બે દિવસ પહેલાં આ ફળિયું ક્ષેમકુશળ હતું. અડતાલીસ કલાકમાં અહીં મૃત્યુના ઓળાઓએ ઘમસાણ મચાવી મૂક્યું.

હજી તો ચિતાના અંગારા ઠારીને માણસો પાછા આવ્યા નહોતા. સમીસાંજ પડવા આવી હતી. મારી બા રોટલા ને શાક પીરસીને અમને બહેનભાઈને જમાડતી હતી અને બાપુજીની ચિંતાથી ઉદ્વિગ્ન હતી ત્યાં તો ફૂલીકાકી આવીને અમારી પરસાળમાં ફસડાઈ પડ્યાં. બા બહાવરી બનીને દોડી ગઈ. જોયું તો ફૂલીકાકીને બન્ને સાથળોએ બે ગાંઠો નીકળી હતી. હું ને મારી બહેન તો મોઢામાંનો કોળિયો પણ ઉતારી શક્યાં નહીં. થાળી એમ ને એમ મૂકીને બહાર આવ્યાં. ફૂલીકાકીને સંભાળીને એમના ઘરમાં લઈ ગયાં. અમારો ઓટલો એક હતો. મારી બહેન તો મારા કરતાં ઘણી મોટી હતી. લગભગ પચીસેક રસની. પણ હું તેરચૌદ વરસનો કિશોર જોરથી ચીસ પાડી ઊઠ્યો. મારી ચીસો સાંભળીને ફળિયાના લોકો ધસી આવ્યાં. પુરુષો તો સ્મશાનમાં ગયા હતા. એટલે છોકરાંઓ અને સ્ત્રીઓ જ મુખ્યત્વે હતાં. ફૂલીકાકી પોતાની મીઠાશ અને સેવાભાવ માટે જાણીતાં હતાં. એકઠા થયેલા લોકો ગભરાયેલા હતા. એમાં દૂરથી ચીસો સંભળાઈ. કોઈએ રેવામાસીનો અવાજ છે એમ કહ્યું. કોઈ જઈને ખબર લાવ્યું કે દોલતમાસા ચાલતા થયા. સ્મશાનમાંથી લોકો પાછા આવ્યા ત્યારે ફળિયામાં દોલતમાસા ઉપરાંત કાશીફોઈના મોટા દિકરા ચુનીલાલની અને ફૂલીકાકીની છેલ્લી ઘડીઓ ગણાતી હતી.

બાપુજીએ નનામીને બદલે નવો રસ્તો સૂચવ્યો. શહેરની સેવાસમિતિ તરફથી જે ગાડીઓ મુડદા લઈ જવા માટે રાખવામાં આવી છે તેનો ઉપયોગ કરવો. ફળિયાના લોકોએ તરત જ વાત માની લીધી. બીજે દિવસે સવારે ત્રણ ગાડીઓ ફળિયામાંથી નીકળી. ફકીરકાકાનું ઘર ઉજ્જડ થઈ ગયું અને ફળિયાનો રખેવાળ ચુનીલાલ પણ ચાલતો થયો. શેતરંજ રમવામાં ઉસ્તાદ દોલતમાસાના અવાજ વિના ફળિયું સૂનું થઈ ગયું.

તે જ સાંજે મારી બહેનને રડતી જોઈને મારી બા સચિંત થઈ ગઈ. બહેને કહ્યું : "બગલમાં બહુ પીડા થાય છે." બાને ધ્રાસકો પડ્યો. બાપુજી દોડી આવ્યા. જોયું તો બહેન પ્લેગના પંજામાં સપડાઈ ચૂકી હતી. વેદનાની મારી રડીરડીને મારી મોટીબહેન એ મધરાતે સદાને માટે મૂગી થઈ ગઈ. ફળિયામાં અમારું ઘર સાંત્વનાનું સ્થાન હતું એટલે અમારા કરતાં બીજા સૌની અનાથતા ઊપસી આવી. વહેલી સવારે બાપુજી અને એમના મિત્રો મોટીબહેનને સ્મશાનમાં લઈ ગયા. હું અને બા તો એકબીજાને જોઈને રડ્યાં જ કરીએ. મોટીમાસી અને બીજી સ્ત્રીઓએ ઘણું આશ્વાસન આપ્યું, પણ બાના હૃદયનું દરદ ઓસરે જ નહીં. આશ્વાસન જેટલું વધારે સહૃદય થતું જાય તેટલું બાનું રુદન વધારે ઊંડું ઊતરતું જાય અને એમનાં ડૂસકાં જોઈને મારી આંખોમાંથી પાણી સુકાય જ નહીં.

બપોરે બાપુજી ઘેર આવ્યા ત્યારે બાની ગંગાજમના ફરી છલકી પડી. બાના આ રુદનથી ગભરાયેલું મારું ગભરુ અંતર ભયભીત બનીને અવાક બની ગયું. અમારા ઘરમાં મારે માટે શોક અને દુઃખનો આ પ્રથમ પ્રસંગ હતો. ગમગીનીથી અજાણ હું એના સ્પર્શથી દિગ્મૂઢ થઈ ગયો. તે રાતે કોઈ ઊંઘી ના શક્યું. બીજે દિવસે સવારે બાપુજીએ મને અમારે ગામ મોકલવાનો નિર્ણય કર્યો. અને તરત જ એમણે એમના જૂના મિત્ર છગન પટેલને તાર કરીને બોલાવ્યા. બાની દશા વિચિત્ર હતી. એ મને મોકલવા રાજી નહોતી અને રાખવા પણ ખુશી નહોતી. સુરત જિલ્લો પ્લેગથી મુક્ત હતો પણ મને જુદો કરતાં બાનું અંતર વલોવાતું હતું અને રોગના ભયાનક ચાળામાં રાખવા એનું હૈયું ના પાડતું હતું. રોજ હું બાપુજીની સાથે જમતો, પણ જુદી થાળીમાં. તે દિવસે એમણે મને પોતાની થાળીમાં જ જમવા બેસાડ્યો. એટલું જ નહીં, બાને પણ આગ્રહ કરી પોતાની થાળીમાં બેસાડ્યાં. મારી સમજણમાં હું, બા અને બાપુજી પહેલી વખત એક થાળીમાં સાથે જમ્યાં. દુઃખથી આળાં થયેલાં હૃદયને નિકટતાથી ઠંડક મળતાં આત્મીયતા પોતે જ આશ્વાસન બની ગઈ.

ત્રણચાર દિવસથી સાંજે ભજન થતાં નહોતાં. દરેક સાંજ મૃત્યુની ચીસોથી લપેટાયેલી હતી, અને દરેક સાંજ લગભગ સ્મશાનમાં જ વીતી હતી. આજે સમીસાંજે બાપુજીએ મિત્રોને એકઠા કર્યા. ભજનની ધૂન શરૂ થઈ અને એમણે એમનું કબીરસાહેબનું પ્રિય ભજન "ઈસ તનધનકી કૌન બડાઈ, દેખત નૈનોંમેં મિટ્ટી મિલાઈ" એટલા બધા આર્જવથી ગાયું કે પોતે રડ્યા અને સૌને રડાવ્યાં.

રાત્રે બાપુજીને ઠીક નહોતું એટલે એ જમ્યા નહીં. મેં અને બાએ એક જ થાળીમાં થોડું જેમતેમ ખાઈ લીધું. રાતે બાએ બાટલીવાળાનું પેઈનકિલર બાપુજીને પાયું. અમે સૂઈ ગયાં. મધરાતે હું ચોંકીને જાગી ઊઠ્યો. જોયું તો બાપુજી વેદના ન સહન થવાથી બિછાનામાં બેસી પોતાના એક હાથ વડે બીજા હાથને દબાવી રહ્યા છે. બાને દીઠી નહીં. દીવો તેજ થયેલો હતો. મારાથી પુછાઈ ગયું : "શું છે બાપુજી? બા ક્યાં ગઈ?"

"હમણાં આવે છે, બેટા. આ તો હાથ સહેજ દુખે છે." એમણે કહ્યું. પરંતુ એમના મુખ પર વિવશતા અને વેદના હતાં. બીજાને આશ્વાસન આપતો એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો અને શ્રદ્ધા પ્રેરતી એમની તેજસ્વી આંખોમાં ગમગીની આંસુ બનીને બેઠી હતી. હું

વિકળ થઈ ગયો. એટલામાં બા મામા અને મામીને બોલાવી લાવી. થોડી વારમાં અમારું નાનું ઘર માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. મામા દોડીને છોટાલાલ વૈદ્યને બોલાવી લાવ્યા. મામી મને બહાર લઈ ગયાં. કલાકેક પણ નહીં વીત્યો હોય ને મેં બાની ચીસ સાંભળી. હું ફાળ ભરીને અંદર દોડ્યો. બાપુજીને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાને રડતી જોઈને મારા હૈયે પણ માઝા મૂકી દીધી. છોટાકાકા આખો દિવસ બાપુજીની સારવારમાં રહ્યા. બપોરે શહેરના બે ડોક્ટરો આવ્યા, પણ સૌએ આશા છોડી દીધી.

સમીસાંજ હતી. સૌનો જીવ તાળવે ચોંટ્યો હતો. બાની સ્થિતિ બહુ કરુણ હતી. છગન પટેલ મને તેડવા આવી પહોંચ્યા હતા. એ તો બિચારા આ પરિસ્થિતિ જોઈને ડઘાઈ જ ગયા. બાપુજીએ બાને કહીને સૌને બહાર મોકલાવ્યા અને મને અંદર બોલાવ્યો. માત્ર બા, છગન પટેલ, મામા અને છોટાલાલ વૈદ્ય અંદર રહ્યાં. બાપુજીએ મને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવ્યો. ગાલ પર આંગળી મૂકી. દૃષ્ટિ મળી ને હું રોઈ પડ્યો. ધીરે અવાજે બાપુએ બા પાસે પાણી માગ્યું. મારી ઉપર નજર ઠેરવી બોલ્યા : "બેટા, પાણી મૂક." બા અને પાસે બેઠેલા સૌ જરાક ઊંચા થઈ ગયાં. વધુ ધીરા અવાજે એમણે કહ્યું : "મારા બાપુએ આપણી પરંપરાગત બધી મિલકત સુરતના નિરાંત મંદિરને બક્ષિસ આપી દીધી છે, પણ એનું વીલ કર્યું નથી. મારી પાસે એમણે મરતી વખતે પાણી મુકાવ્યું હતું કે એ મિલકત પાછી નહીં માંગું અને મેં પાણી મુક્યું હતું. બીજે વરસે હું અને તારી બા સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને અહીં ચાલ્યાં આવ્યાં. માસીએ આ ઘર ના આપ્યું હોત તો રહેવા છાપરું પણ નહોતું પણ ઈશ્વરે આપણને ભૂખે નથી સૂવા દીધાં. એ જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને તું પણ પાણી મૂક કે એ વંશપરંપરાની મિલકત તું પણ પાછી નહીં માગે અને મેળવવા માટે દાવાદૂવી નહીં કરે."

બાએ મારા જમણા હાથની અંજલિમાં પાણી રેડ્યું અને કહ્યું : "બેટા, પાણી મૂકો કે એ મિલકત પાછી મેળવવાનો વિચાર સુધ્ધાં નહીં કરીએ." અને મેં બાપુજીના શબ્દોની સાથે બાના શબ્દો ઉમેરીને પાણી મૂક્યું.

"બેટા, કોઈનું ભલું ના કરી શકો તો કંઈ નહીં, પણ કોઈનું બૂરું ના કરશો!" કહીને બાપુજીએ ફરીથી મારે માથે હાથ મૂક્યો. એ હાથ મારે માથે જ રહ્યો અને બાપુજી ચાલ્યા ગયા.

(લેખ-સંગ્રહ "અમાસના તારા"માંથી સાભાર)

## મિચ્છા મિ દુક્કડમ્

ત્રીજા અંકમાં થોડી ભૂલો રહી ગઈ એ બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

૧. પાનું ૨ઃ કૃષ્ણાદિત્યનાં બે કાવ્યોને આપેલાં શીર્ષક ઘરનાં હતાં અને કોઈ જરૂર વગરનાં હતાં.

૨. પાનું ૪ઃ રેખા સરવૈયા રાજકોટના વાસી છે. 'પરબ'ના સૌજન્યથી આ કાવ્ય મળ્યું છે.

૩. પાનું ૮ઃ કાન્તિ મેપાણીના 'માશીનું ઘર કેટલે'માં 'ત્યાં તો માશીએ...'થી શરૂ થતાં નવમા ફકરામાં 'મુંગડી ઉપર દડબું દહીં' મૂકતાં એ વાત તદ્દન ખોટી, એતો અસલી ઘી હતું, ઘી.

૪. પાનું ૯ઃ હરીશ મીનાશ્રુના અવતરણમાં 'કેટલાં બહારવટાં ખેલ્યાં તેં'હોવું જોઈએ, 'તે' નહીં.

૫. પાનું ૧૦ઃ મનોજ ખંડેરિયા પરનો લેખ લખનાર સુરેશ દલાલ છે. એમના નામનો નિર્દેશ કર્યો છે પણ સૂચિ અને લેખના મથાળે એમનું નામ ચૂકાઈ ગયું છે.

૬. પાનું ૧૩ઃ હિમાંશી શેલતની વાર્તાનું શીર્ષક 'ખાંડણિયામાં માથું' એ એક કહેવતમાંથી લીધું છે. કહેવતની બીજી લીટી છે 'તો ધબકારાથી બીવું શું?'

૭. અંકની સુંદર છપાઈ કરવાનું માન **JFC Graphics Print Inc,** Avenel ને જાય છે.

## રઈશ મનીઆર, એક પરિચય

કિશોર રાવળ        ફિલાડેલ્ફીઆ, પેન્સિલ્વેનિયા

એક નવા ઢંગના, રંગના ગઝલકાર

બે ત્રણ વર્ષ પહેલાં અમે એક કાર્યક્રમમાં ગયાં હતાં. આમ તો કાર્યક્રમ હતો સોલી કાપડીઆ અને નિશા ઉપાધ્યાયના સંગીતનો. સોલીને જોઈ જરા ફર્માઈશ કરી કે ભાઈ કોઈ સરસ પારસી ગીત સંભળાવો તો મજા આવી જાય. અને એમણે બહાલી આપી રઈશ મનીઆરની એક કંઠસ્થ રચના સંભળાવી. મોટી ઉંમરે લગ્ન કરવા જતા આદમીને પારસી બાવાની સલાહ સંભળાવી, જુઓ :

ઘરડો થઈ ઘોડે ચરેચ, આઈ માનસ સું કરેચ!
ખાડો ખોદી ખુદ પરેચ, આઈ માનસ સું કરેચ!
પ્રેમમાં પડવા કીધું તો પ્રેમમાં ગબરી પડો,
ઊઠવાને ટલવલેચ, આઈ માનસ સું કરેચ!

તે દિવસે દાઢમાં બેસી ગયેલા રઈશ મનીઆરને રૂબરૂ મળવાનું વર્ષો પછી થયું. સુરત ગયો ત્યારે ખોજતાં ખોજતાં તેમને ફોન કર્યો અને કહે આવો, મળો મારી હોસ્પિટલે. અને પહેલી મુલાકાત થઈ. તેમના બે ત્રણ મિત્રોને પણ બોલાવેલા. તેમની ડોક્ટર તરીકેની પ્રવૃત્તિમાં સંગીત, ગઝલ પણ એટલાં જ ભરપૂર. મોજીલો જીવડો!

હમણાં અમેરિકા આવીને ફ્લોરિડા, ડેટ્રોઇટ, ન્યૂ જર્સી, બોસ્ટન, રોચેસ્ટર વગેરે જગ્યાઓએ એમણે તેમના કાર્યક્રમોથી રસિકોને રસતરબોળ કરી દીધાં. એમની સંવેદના, રમૂજ શક્તિનો અને શ્રોતાઓ પર વશીકરણ કરવાના જાદૂનો પરિચય કરાવ્યો. વેળાસર તેમના ખબર આપી બીજાંઓને તેમને મળવા પ્રેર્યા નહીં એ એક વસવસો રહી ગયો છે.

પોતાના પરિચયમાં એ લખે છે :

"ગઝલે મારા નિર્બંધ વિચારોને, સ્વૈરવિહારોને, મનોવ્યાપારોને બાંધ્યા છે, સાચવ્યા છે અને સજાવ્યા છે. અત્યાર સુધી હું એમ માનતો હતો કે લીલા તરીકે હું ગઝલ રચું છું, પણ આજે એકાએક એવી અનુભૂતિ થવા માંડી છે કે આ વર્ષોમાં મેં ગઝલ નથી રચી, ગઝલે મને રચ્યો છે." પિગ્મેલીઅન અને તેની પૂતળી, પ્રોફેસર હિગિન્સ અને ઇલાઈઝા ડૂલિટલની યાદ આવી જાય એવી વાત છે!

વધુ મોણ નાખ્યા વગર, લગરીક જીવનરેખા રજૂ કરી થોડી એમની જ રચનાઓ અહીં રજૂ કરું તો વધુ સારું નહીં? જન્મ ૧૯૬૫માં. વ્યવસાયે સુરતમાં બાળકોના દાક્તર છે, અને જીવનનો આનંદ લૂંટવાની સુરતની લાક્ષણિકતા એમનામાં પૂરે પૂરી ખીલી છે. નસીબદાર છે કે એ બધું શબ્દોમાં કંડારવાનું પણ સરસ ફાવી ગયું નહીં તો એ અપરિચિત જ રહેત. ડોક્ટર તરીકે બાળ ઉછેર પરનાં તેમના પુસ્તક 'બાળઉછેરની બારાખડી'ને ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી પારિતોષિક મળ્યું છે.

તેમની ઘણી ગઝલો પુસ્તકાકારે પ્રકાશિત થઈ ચૂકી છે. જુઓ આ યાદી.

કાફિયાનગર
શબ્દ મારા સ્વભાવમાં નથી
સ્પર્શી શકાય પુષ્પને ઝાકળ થયા પછી.
પન્નીને પહતાય તો કે'ટો ની.
માહોલ મુશાયરાનો
કવિતા વિષયકઃ મરીઝ--અસ્તિત્વ અને વ્યક્તિત્વ

કૈફી આઝમીની ગઝલોનો અનુવાદ પ્રકાશિત થઈ ચૂક્યો છે અને જાવેદ અખ્તરની ગઝલોનું 'તરકશ' છપાઈ રહ્યું છે. તેમના લખેલા નાટકો 'ડંખ', 'ગેલીલીઓ', 'તારી ને મારી જોડી', 'હેરાફેરી' એ પણ ટૂંક સમયમાં બહાર પડશે. 'ડંખ'ને નાટ્ય લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું છે. 'તારી ને મારી જોડી' ગુજરાત નાટ્ય અકાદમી સ્પર્ધામાં વિજેતા ઠર્યું છે.

થોડી ગઝલો

આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું,
રેત પર જેમ પાગલ સમીરે લખ્યું.

કોરા કાગળ ઉપર બસ સખી રે! લખ્યું,
એથી આગળ નથી મેં લગીરે લખ્યું.

મજનૂ ફરહાદ મહિવાલ હીરે લખ્યું,
લીરે લીરે ને આખા શરીરે લખ્યું.

રોજ માણસ ઘવાતો રહ્યો ચૂપચાપ,
જે લખ્યું તે નીતરતા ઝમીરે લખ્યું,

આપણે ક્યાં કદી કંઈ લખ્યું છે 'રઈશ'!
એક મીરાએ લખ્યું, એક કબીરે લખ્યું.

* *

આ નગર પણ એક ટોળું થઈ ગયું,
આપણું હોવું...ન હોવું થઈ ગયું.

જેટલું વર્તુળ મોટું થઈ ગયું,
એટલું એ ઓર પોલું થઈ ગયું.

સાત રંગોની સભા બે-ચાર ક્ષણ,
એ પછી આકાશ ધોળું થઈ ગયૂં.

જાતને વીસરીને પામ્યો છું તને,
પામવું પોતે જ ખોવું થઈ ગયું.

દર્દ તારું શેરમાં તેં કહી દીધું,
ધન હતું તારું તે સૌનું થઈ ગયું.

ટોચ પર પહોંચ્યાની આ છે ફળશ્રુતિ,
જિંદગીભર નીચાજોણું થઈ ગયું.

* * *

એમ ચાલ્યા વિના પણ સફર થાય છે,
પગ તળેથી ધરતી ખસી જાય છે.

માત્ર દોરા જ હાથોમાં રહી જાય છે,
ગૂંચ જીવનની જયારે ઉકેલાય છે.

નૌકા જળમાં રહે, તો ય જળથી અજાણ,
છિદ્ર પડતાં પરિચય થતો જાય છે.

માત્ર એક પળ કઠે કોઈનો અહીં અભાવ,
બીજી પળથી વિકલ્પો વિચારાય છે.

લક્ષ્ય ચૂકી ગયું હો તમારું જે તીર,
એ જ શત્રુના ભાથે ઉમેરાય છે.

* *

ક્યારે મોઢામોઢ ને સીધી મળી?
રૂપ બદલી બદલી ગમગીની મળી.

ભીંત ખાલીપાની બહુ લીસી હતી,
શબ્દની, સારું થયું, ખીંટી મળી.

વિશ્વ આખું પોતીકું ગણનારને,
વેદના જયારે મળી, નિજી મળી.

સાંપડ્યું છે કોઈને તૈયાર ચિત્ર,
આપણું કિસ્મત કે બસ, પીંછી મળી.

એક નદી રણમાં ઝઝૂમી જયાં સતત,
અંતે થોડી રેત ત્યાં ભીની મળી.

જિંદગી લાંબી ઘણી જીવ્યા તમે,
કેટલી ક્ષણ સાવ પોતીકી મળી?

* *

થઈને જુઓ મેં અંતે મજબૂર સાંજ વેળા,
પ્હેર્યાં ફરી કલમના નુપૂર સાંજ વેળા.

ચૂપકીનો કોણ તોડે દસ્તૂર સાંજ વેળા,
છેડે છે કોણ ઘેરી સંતૂર સાંજ વેળા?

વાતાવરણ છે આખું ઘેઘૂર સાંજ વેળા,
હું રહી શકું શી રીતે આતુર સાંજ વેળા.

કોને સમય પૂછું હું? ક્યાંથી જવાબ પામું?
આખું જગત દીસે છે ચકચૂર સાંજ વેળા.

સૂરજ જઈ વસ્યો છે બહુ દૂર સાંજ વેળા,
યાચે 'રઈશ' ચપટીક બસ, નૂર સાંજ વેળા.

થોડી હઝલો

માગે રૂમાલ તું અને ધોતી મળે તને
જો એવડી વિશાળ પનોતી મળે.

જા વત્સ, હીરા મોતીની ઇચ્છા તને ફળે
આયા હીરા અને કૂતરો મોતી મળે.

---

લેવા ગયા જો નોટ તો સિક્કા પડી ગયા
પેંડાની લહાયમાં પતાસા પડી ગયા.

આપ્યું તમે જે ગિફ્ટમાં અત્તર, મેં વાપર્યું
ખુશ્બૂ ઉડી ગઈ અને ડાઘા રહી ગયા.

---

કદી કદી એ નહીં, રોજ રોજ માંગે છે
એ લોલીપોપ નહીં લાડવો જ માંગે છે.

હવે આ ઉંમરે એ રેડ રોઝ માંગે છે
ને આપનારો હંમેશાં નવોજ માંગે છે.

---

ચુંબનનું ચિહ્ન ગાલ પર સમજે છે જેને સૌ
ચંપલનો એ પ્રહાર હતો, કોણ માનશે?

જેના ઉપર હું ભૂલથી બેસી ગયો હતો
સળિયો એ ધારદાર હતો, કોણ માનશે?

---

એક વેળા આપને મેં દઈ દીધેલું દિલ, હજુયે યાદ છે
ને પછી ભરતો રહ્યો'તો હોટલોનાં બિલ, હજુયે યાદ છે

# સાત દિવસ અને એક ચાવી

પ્રીતિ સેનગુપ્તા   વ્હાઈટ પ્લેઈન્સ, ન્યૂ યોર્ક

હજી ચિંતા કરવાની જરૂર નથી, હજી ગભરાવાનું કારણ નથી -- આમ કહી કહીને સલોમી સવારથી પોતાના મનને સમજાવતી રહી હતી. પણ કલાકો પસાર થતા ગયા તેમ મન આશંકાથી ભરાવા લાગ્યું હતું. ફરી ગુરુવાર થયો હતો. આખું અઠવાડિયું નીકળી ગયું - શ્રેણિકને લગભગ મળ્યા વગર. એ દિવસો સલોમીએ માંડ માંડ કાઢ્યા હતા, અને પરાણે ધીરજ રાખી હતી, પણ આજે હવે એ જીવના ફફડાટને કેમેય શાંત કરી શકતી નહોતી.

ફરી એકવાર એ છેલ્લા સાત દિવસોની વિગતો યાદ કરવા માંડી. ગયા ગુરુવારે શ્રેણિક નિરાંતે મળ્યો હતો. હંમેશ મુજબ કામ પરથી સીધો જ એ આવ્યો હતો, ને રાત રહ્યો હતો. સલોમીએ તંદૂરી ચિકન બનાવી હતી. ગુરુવારે રાતે ઘેર જ જમવાનો રિવાજ હતો એમની વચ્ચે. કેટલી બધી વાર શ્રેણિકે એને કહ્યું હશે, સોમવારથી જ રાહ જોતો હોઉં છું કે ગુરુવાર ક્યારે આવે. બહાર જઈને તો બધું ખાતાં હોઈએ, પણ બેબી, તારા હાથની રસોઈમાં ગજબ સ્વાદ હોય છે. શ્રેણિક એના ફોઈને ત્યાં રહેતો હતો, ને એમના ઘરમાં તો 'નોન-વેજ'નું નામ પણ લઈ ના શકાતું.

શુક્રવાર સાંજે બંને બહાર જમવા જતાં. મેક્સિકન ખાવા. સલોમીને કોઈ ફેન્સી જગ્યાએ જવાની ઇચ્છા થતી, પણ 'પૈસા ફેંકી દેવામાં' શ્રેણિક માનતો નહીં. ગયા શુક્રવારે બહાર જવાનું બન્યું નહીં. ઓફિસેથી શ્રેણિકે જણાવ્યું હતું કે, સાંજે એને એરપોર્ટ જવાનું હતું. 'સોરી, બેબી, ફોઈના ખાસ બહેનપણીની સુપુત્રી મુંબઈથી આવવાની છે. શેને માટે, ખબર છે? મૂરતિયો શોધવા! કેન યૂ બિલીવ ઇટ? દેશી કન્યકાને અમેરિકામાં કોણ પસંદ કરવાનું?' એણે કહ્યું હતું.

સલોમી નિરાશ થયેલી, પણ કાંઈ નહીં; એક જ સાંજની વાત હતી ને? શ્રેણિકની વાત પર એ હસી પડી. 'દેશી કન્યકા' કહીને એ હંમેશાં મજાક કરતો. એ સાથે, પહેલીવાર એને મળ્યાનો પ્રસંગ સલોમીને યાદ આવી ગયો. ઇન્ડિયન અસોસિએશન તરફથી દિવાળી નિમિત્તે એક કાર્યક્રમ એના 'ટાઉન'માં જાહેર બાગમાં ગોઠવાયેલો. રવિવારે વપોરે એ બહાર નીકળતી નહીં, કારણકે શનિવાર રાતે કામ કરીને સવારે ઘેર આવી હોય એટલે બપોર સુધી તો એ ઊંઘ પૂરી કરતી હોય. પણ ઘરની પાસે જ એ કાર્યક્રમ હતો, તેથી એ ગયેલી.

બાગમાં થયેલી ભીડ જોઈને સલોમીને નવાઈ લાગેલી. આટલાં બધાં ઇન્ડિયન ક્યાંથી આવી ચડ્યાં? ને સ્ત્રીઓનો તો કંઈ વટ! સલોમી રોજનાં કપડાંમાં હતી -- બ્લૂ જિન્સ અને કાળું, સુતરાઉ 'ટર્ટલ-નેક'. લોક-નૃત્યો પછી ઇન્ડિયન ગીતો શરૂ થયાં. એમાં સલોમીને સમજણ પડતી નહોતી. એ ઊઠી જવા કરતી હતી. ત્યાં શ્રેણિક એની પાસે આવી ચડેલો. 'બાજુમાં કોઈ બેઠું છે?' એમ પૂછી એ સાથે બેઠેલો, અને વાતો કરવા માંડેલો. સલોમીના વખાણ કરીને એણે કહેલું, 'ને જુઓ આ દેશી લેડિઝને. કોઈ કહે કે અમેરિકામાં રહે છે? તમારા જેવી મોડર્ન યુવતીઓ તો જુદી જ તરી આવે.' પછી જમવાનું આમંત્રણ આપેલું.

ત્યારથી એમના મળવાના દિવસો અને રાતો ગોઠવાઈ ગયેલાં. શનિવારે બંને મળતાં નહીં. સલોમીને રાતની પાળી, અને શ્રેણિકને દર શનિવારે પાર્ટીમાં જવાનું રહેતું. સલોમી કોઈ કોઈ શનિવારે રજા લેવા તૈયાર હતી, પણ શ્રેણિક એને ટાળતો. કહેતો, 'હમણાં નહીં, બેબી. વખત આવવા દે. તારા જેવી સ્માર્ટ કન્યકાને જોઈ બધાંના છક્કા છૂટી જવાના.'

સલોમીએ પૂછેલું, 'કન્યકા એટલે શું?' અને 'બધાં' એટલે કોણ -- એ સમજી શકી નહોતી. 'અરે, બધાં -- એટલે મારાં બધાં ઓળખીતાં', શ્રેણિકે પતાવેલું.

ગયા શનિવારે રિવાજ પ્રમાણે શ્રેણિકે ફોન કરેલો. બહુ ઉતાવળમાં હતો. સલોમીએ મુંબઈથી આવેલી 'કન્યકા' વિષે પૂછેલું. શ્રેણિકે જવાબમાં કહેલું, 'સ્માર્ટ છે. મને ખબર નહીં કે અમેરિકામાં ભણેલી છે.'

'અમેરિકા આવવાનો વિઝા મળી ગયો?'

'અરે, એની પાસે તો ગ્રીન કાર્ડ છે. એને તો તરત મૂરતિયો મળી જવાનો. ચાલ, બેબી, પછી વાત કરીશું.' સલોમી કશું બોલે એ પહેલાં શ્રેણિકે ફોન મૂકી દીધેલો. પહેલી વાર સલોમી પસ્તાયેલી કે જીદ કરીને ક્યારેય એણે શ્રેણિકનો નંબર માગી લીધો ન હતો.

ચિંતા કરીને ક્યારેય બેસી રહેવાનો સમય સલોમી પાસે હતો નહીં. પણ એને ખાત્રી હતી કે રવિવાર તો શ્રેણિક નહીં જ ચૂકે. ખરેખર, બપોર પછી એ આવ્યો પણ ખરો. સલોમીએ શ્રેણિકને ભાવે તે પ્રમાણેની ગુજરાતી ચા બનાવી. એની પોતાની કોફી પીવાની ટેવ તો લગભગ છૂટી ગયેલી. સાથે બેસીને દૂધવાળી ચા પીવાનું એને ગમવા માંડેલું. પણ શ્રેણિક ફરી ઉતાવળમાં હતો. ચા પતાવીને, 'પેલું બ્લેઝર ક્યાં છે?' કહેતો કબાટ પાસે ગયેલો. સલોમીને એ બ્લેઝર બહુ જ ગમતું. એમાં શ્રેણિક

દેખાવડો લાગતો. 'યૂ હેન્ડસમ ડેવિલ!' કહી સલોમી એને વહાલ કરતી. છેલ્લા ચાર મહિનાથી સલોમીના જ કબાટમાં એ લટકતું રહેલું.

'એવું ક્યાં જવાનું છે? બીજું કંઈક પહેરીને જજે ને. નહીં તો, ચાલ, હું તારી સાથે આવું છું.' એણે સૂચવેલું.

'કમ ઓન, બેબી. તને ખબર છે કે એવું કશું છે જ નહીં.' શ્રેણિકે ભળતો જ જવાબ આપેલો. 'ભઈ, મારે મોનિકાને એક પાર્ટીમાં લઈ જવાની છે. શું કરું? ફોઈનો હુકમ છે. પાછી અમારી કાસ્ટની જ છે. એટલે.'

એ સમજૂતી સલોમીને સમજાઈ નહતી. 'કાસ્ટની હોય એટલે શું થ ઈ ગયું?' ધીમા અવાજે એ બોલેલી.

સામે ફક્ત, 'બાય, બેબી' કહી, બ્લેઝરમાં દેખાવડો લાગતો શ્રેણિક બારણાની બહાર નીકળી ગયો હતો.

સોમવારે સલોમી ગ્રોસરી-સ્ટોર અને બેન્કમાં જઈને આવી ત્યારે મશીન પર શ્રેણિકનો સંદેશો હતો -- "કેમ છે, સલોમી? બસ 'હેલો' કરવા જ ફોન કર્યો હતો. આવજે." ત્રણ-ચાર વાર આગળ પાછળ કરીને એણે એ સાંભળ્યો હતો. મહિનાઓ પછી શ્રેણિકે એને 'બેબી'ને બદલે નામથી સંબોધી હતી. વિચિત્ર લાગ્યું હતું એને પોતાનું જ નામ.

મંગળ અને બુધ તો ફોન પણ નહોતો આવ્યો. સલોમીને ગળે ખાવાનું પણ ઊતર્યું નહોતું. આજે ફરી ગુરુવાર થયો હતો. સાંજ પડવા આવી હતી. ટેવ પ્રમાણે, શ્રેણિકને ભાવતું બનાવવા માટે સલોમીએ ફ્રિજ ખોલ્યું. સ્ટોરમાંથી એ ચિકન લાવી હતી. એ કાઢવા ખાનું ખેંચ્યું, તો પેકેટના પ્લાસ્ટિક પર એક ચાવી ચોંટાડેલી જોઈ. પહેલાં એને ધ્રાસકો પડ્યો -- 'કોની ચાવી છે આ? ક્યાંથી આવી આ પેકેટ સાથે?' પણ હાથમાં લેતાં ઓળખી. એ ચાવી હતી તો સલોમીના એપાર્ટમેન્ટની, પણ સલોમીની પોતાની નહોતી. એની સાથેની કી-ચેઈન શ્રેણિકની હતી.

ચારેક મહિના પહેલાં શ્રેણિક એ ખરીદી લાવેલો -- સલોમી માટે. સોનેરી ચેઈનને છેડે હૃદયના આકારનો એક અક્ષર લટકાવેલો હતો. અંગ્રેજીનો 'બી' અક્ષર. 'બી ફોર બેબી. તું મારી બેબી છે કે નહીં?' શ્રેણિકે વહાલ કરતાં પૂછેલું. એ જ વખતે, એપાર્ટમેન્ટની બીજી ચાવી એમાં પરોવીને સલોમીએ એને આપી દીધેલી, ને કહેલું, 'આ તારું ઘર છે -- એમ જ માનજે.'

એ જ ચાવી શ્રેણિકે હવે પાછી આપેલી -- સાવ છાનીમાની. એક ગુનેગારની જેમ. અચાનક એને એ ચાવીની, એ ઘરની, એ સંબંધની જરૂર નહોતી.

જતાં જતાં કશું કહેવાની જરૂર પણ એને ના જણાઈ? કોઈ કારણ નહીં, કશી સમજૂતી નહીં.

ઓળખાણ થયા પછીના એ બધા મહિના એક ઘડીમાં સલોમીની આસપાસ ઢગલો થઈ પડ્યા. નિર્જીવ થઈ એ ત્યાં જ બેસી પડી. એની આંખોનાં આંસુ ક્યાંય સુધી એ નકામી ચાવી પર પડતાં રહ્યાં.

## સંપાદકો તરફથી

આ વખતે ત્રણ મહિના જરા છ મહિના જેટલા લાંબા નીકળ્યા. અકળનો આનંદ માણવા સિવાય બીજું કરાય પણ શું?.

કોઈએ સૂચવ્યું કે 'દેશવિદેશ' લવાજમ પર મળી શકે ખરું! કોઈ દૂર બેઠું હોય અને અકાદમીના કાર્યક્રમોમાં ભાગ લેવો એ આકાશના તારા આંબવા જેવું છે.' સૂચન વિચાર માગી લે તેવું છે પણ એક કામચલાઉ રસ્તો દેખાડીએ? **glaofna.com** ની વેબસાઈટ પર બધા અંક PDF ફોર્મેટમાં મૂકવામાં આવે છે. તેમાંથી જોવું અને છાપવું સહેલું છે. તો મિત્રો પાસે એ છપાવી વાંચી શકાશે.

અકાદમીના સભ્યોને વિનતિ કે 'દેશવિદેશ' સિવાયની વાતો (દા.ત. સરનામાં કે ફોન નંબર બદલાય, કે આવતાં પ્રસંગો માટે ઈ-મેઈલથી માહિતી જોઈતી હોય ત્યારે) kishor@markis.comને ન મોકલતાં ashok@meghani.com ને મોકલશો.

| સૂચિ | | |
|---|---|---|
| કૃતિ | કર્તા | પાનું |
| ગાય તેનાં ગીત | ધ્રુવ ભટ્ટ | ૧ |
| તું અને હું કંઈ નોખા? | ધ્રુવ ભટ્ટ | ૨ |
| પાણી વચ્ચે તરસ્યો! | પ્રતીક મહેતા | ૨ |
| આલ્પ્સ કોનો ? | શોભા શાહ | ૨ |
| પુરસ્કાર | મીરા ભટ્ટ | ૨ |
| જિંદગી છાબ છે | ફાધર વાલેસ | ૩ |
| મનોજ સાથે ... | મહેશ ધોળકિયા | ૩ |
| સૂપર કંડક્ટર | હરનિશ જાની | ૪ |
| પાદર | પ્રીતમ લખલાણી | ૫ |
| લિમરિકિયા પ્રયોગો | કિશોર રાવળ | ૬ |
| આ પણ ઉમાશંકર! | ભોળાભાઈ પટેલ | ૭ |
| એ જ અંતિમ પળ | ભોળાભાઈ પટેલ | ૮ |
| અનુભવ | કૃષ્ણાદિત્ય | ૮ |
| ગઝલ | આદિલ મન્સૂરી | ૯ |
| ટીંબાનો ઉપદેશ | સ્વામી આનંદ | ૯ |
| "પાણી મૂક!" | કિશનસિંહ ચાવડા | ૧૦ |
| મિચ્છા મિ દુક્કડમ્ | સંપાદકો | ૧૨ |
| રઈશ મનીઆર | કિશોર રાવળ | ૧૨ |
| સાત દિવસ અને .. | પ્રીતિ સેનગુપ્તા | ૧૪ |

સહર્ષ રજુ કરીએ છીએ
ગુજરાતી લિટરરી એકેડેમી ઓફ નૉર્થ અમેરિકાનું

## ચોથું ગુજરાતી સાહિત્ય સંમેલન

શુક્ર-શનિ-રવિ, ૧-૨-૩ ઓક્ટોબર, ૨૦૦૪
ઉત્તર ન્યૂ જર્સી વિસ્તારમાં (નૂઅર્ક ઍરપોર્ટથી અનુકૂળ)

ભારતથી આવેલા ગુજરાતી સાહિત્ય જગતના જાણીતા સિતારાઓ અને ઊત્તર અમેરિકામાં વસતા આપણા પોતાના કવિ-લેખકો સાથે રહેવા-મળવા-માણવાનો આ અનુભવ ચુકશો નહીં.
સમય અને મુસાફરીની ગોઠવણ અત્યારથી જ કરશો એવી વિનંતિ.

વધારે વિગત અને સામગ્રી અકાદમીના સભ્યોને જુલાઈ, ૨૦૦૪ સુધીમાં મોકલાશે.

દુનિયામાં કુલ ૫૨૩૮ જોક્સ છે. એક જોકનું હાર્દ સમજી લો અને એને નવા વાઘા, દાઢીમૂછ, નવા પડદે મૂકો એટલે નવી જોક લાગે, બસ વિનોદના સર્જકની ખૂબી આ વેશપલટો કરી નવા રૂપે જોક્સ મૂકવામાં છે.
’Rationale of jokes’માં બેનેટ સર્ફ

મોટાંઓના ટોળામાં એક જ તેની ઉમ્મરની છોકરી હતી. એકબીજાને જોતાં, પરગ્રહીને-પામતા-પરગ્રહી જેમ બન્ને એક બીજા સામે હસી, આંખો ચમકી.
’Born confused’માં તનુજા દેસાઈ હિડીએ

ગુજરાતી લિટરરી અકાદમી ઓફ નોર્થ અમેરિકા
**Gujarati Literary Academy of North America**
**4 Ales Place, Wayne NJ 07470**